શ્રી/શ્રીમતી [illegible]
પરીવારના સૌને જય શ્રી કૃષ્ણ

શ્રીલાલૂભટ્ટ કૃત

# સેવાકૌમુદી

નું

## ગુજરાતી ભાષાન્તર

પુષ્ટિ સાહિત્ય પુસ્તકાલય
શ્રી હાલાઈ ભાટીયા સેવા ફંડ, શ્રી વલ્લભ સુખધામ,
એસ. વી. રોડ, શંકર ગલીના નાકે,
કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૭

* * *

-: ભાષાન્તરકર્તા-પ્રકાશક-સંપાદક :-

**શ્રીછાયાબેન કાપડીયા બી.કોમ.**
મોબાઈલ : ૯૮૭૦૪૭૯૩૪૮

-: મુદ્રક :-
જયવિજય પ્રિન્ટર્સ,
૧૨, રામચન્દ્ર બિલ્ડીંગ, પાઠારે પથ,
લોઅર પટેલ, મુંબઈ.

પ્રત : ૧૦૦

પ્રકાશન સમય : ૨૦૦૫
પુસ્તક પ્રકાશન સહાય : ૫૦

-: પ્રાપ્તિ સ્થાન :-



શ્રીકૃષ્ણાય નમઃ

## શ્રીલાલૂભટ્ટોપનામકદીક્ષિતશ્રીબાલકૃષ્ણભટ્ટપ્રણીતા

# સેવાકૌમુદી

### ભાષાંતર સહિતા

## પ્રથમ પ્રકરણ

૧. ભગવલ્લીલાસ્થળી આ વિશાળ જગતમાં મુખ્ય બે પ્રકારના મનુષ્ય છે. એક તો એવા કે જે બીજાની ચડતી જોઈ નથી શકતા. એવા લોકો પોતાના દોષને છૂપાવીને મલિનપણાથી અથવા જીજ્ઞાસુપણાના ઢોંગ કરીને અલગ અલગ મતના નેતાઓને અથવા તેમના અનુયાયીઓને એમના કર્તવ્યમાં પ્રમાણના પ્રશ્નો કરી બેસે છે વચમાં એને જ કોઈ વાદનું રૂપ આપી દે છે અને અંતમાં પોતાની અસહિષ્ણુતા પ્રગટ થઈ જવાથી એ વાદને જ આક્ષેપ અને લડાઈમાં ફેલાવી દે છે. એવા છૂપા દ્વેષી અધિકારીઓનાં કોઈ પ્રશ્નનાં કોઈ પણ ઉત્તર હોતા નથી અને જો ઉત્તર આપવામાં આવે તો પણ એમનાં પ્રશ્ન સમાપ્ત નહીં થાય કેમકે તેમને એ વાદથી કોઈ એક સિદ્ધાંત પર આવવાનું તો છે જ નહીં તેઓનો કેવળ ઉત્તરદાતાના સિદ્ધાંતને પોતાના નીચ આક્ષેપો દ્વારા હલકા દેખાડવાના પ્રયત્ન કરી રહ્યા છે. અને આ રીતે ઉદ્દેશ સિદ્ધ થાય કે ન થાય પોતાની દ્વેષાગ્નિને ઠંડી કરવા ઈચ્છે છે. પરંતુ તેમને એ ખબર નથી કે સાચો પદાર્થ કેટલો પણ પરીક્ષાની કસોટી પર ચઢાવવામાં

આવે તો પણ તે દિવ્ય અને શુદ્ધ જ નીકળશે. પરીક્ષા અને વાદમાં જ્યારે કોઈના સિદ્ધાંત પોતાના નિશ્ચયની વિરુદ્ધ વિશુદ્ધ નીકળે તે સમયે તે શુદ્ધતા તેમની તે દ્વેષાગ્નિ પર ઘીનું કાર્ય કરે છે. એવા વખતે તે લોકો શાસ્ત્ર અને મર્યાદાને છોડીને પ્રશ્ન તથા આક્ષેપ કરવા પર ઊતરી જાય છે. આક્ષેપને હૃદયમાં રાખીને પ્રશ્ન કરવાવાળાના પ્રશ્નનો અંત આવતો ક્યારે પણ સંભવ નથી. એ માટે એવા વિઘ્નસંતોષી દુર્દુરૂઢ પુરુષોનાં પ્રશ્નોના કાં તો એક શાસ્ત્ર ઉચિત ઉત્તર આપીને ચૂપ રહેવું ઉચિત છે કાં તો સર્વથા ઉપેક્ષા કરવી એ જ ઉત્તમ ઉત્તર હોય છે.

એનાથી બીજા અધિકારીઓ એ છે જે કોઈ સિદ્ધાંતની જિજ્ઞાસા માટે શાસ્ત્રો અને શાસ્ત્રોને અનુકૂલ યુક્તિઓ દ્વારા એકબીજાના સિદ્ધાંતને દબાવી પોતાની સમજમાં આવેલા સિદ્ધાંતોનું સ્થાપન કરે છે. વાસ્તવમાં એ કહેવડાવવાનાં અધિકાર રાખે છે. એમના પ્રશ્નોનાં ઉત્તર આપવામાં વિદ્વાનોને આનંદ મળે છે. એમના પ્રશ્નોનું મુળ, ઉત્કર્ષાસહિષ્ણુતા નહીં પરંતુ જિજ્ઞાસા છે. એમનું હૃદય સાચી વાતને ગ્રહણ કરવા ચાહે છે. એવા જિજ્ઞાસુ અધિકારીઓનાં હૃદય સાચી વાતને ગ્રહણ કરવા ચાહે છે. એવા જિજ્ઞાસુ અધિકારીઓનાં હૃદયમાં ક્યારેક ક્યારેક આ પ્રશ્ન ઉઠે છે કે ભક્તિમાર્ગના પુષ્ટિમાર્ગ નામના સંપ્રદાયમાં પ્રભુની સેવા કયા પ્રમાણના અનુસાર થાય છે.

કાંઈ કામના ફલ સાધન અને પ્રકારમાં તે તે પદાર્થને સમજવાની આવશ્યકતા રહે છે. કર્મપરિકરનાં જ્ઞાન (સમજ) ના સાધનને જ પ્રમાણ કહેવામાં આવે છે. સૂક્ષ્મ વિચાર ન કરવામાં આવે તો કહી શકીએ કે દુનિયામાં સમર્થ પ્રમાણ જ્ઞાનના સાધન બે જ ગણી શકાયં છે. પ્રત્યક્ષ અને શાસ્ત્ર. પ્રત્યક્ષ પ્રમાણમાં ઈન્દ્રિય અને મનની મુખ્યતા સહાયતા છે. એ માટે તે જો કે લૌકિક વ્યવહારમાં બલવાન છે તો પણ અદષ્ટ અલૌકિક સ્વર્ગાદિ પદાર્થોના વિષયમાં તેની ગતિ કુણ્ઠિત છે. એ માટે લોકાતીત પદાર્થોના નિર્ણય કરવામાં પ્રાચીન વિદ્વાનો વિવેચકોએ

શાસ્ત્રને જ પ્રમાણ માન્યુ છે. ફરી ફરીને અંતમાં ધર્મ અને બ્રહ્મ એ બે જ શાસ્ત્રના નિર્ણય પદાર્થ છે જો એમના સાધનની તરફ નજર નાખવામાં આવે, એટલે કે ધર્મ અને બ્રહ્મ કયા ઉપાયોથી પ્રાપ્ત થાય છે. ઘણું કરીને ત્રણ વર્ગના ઉપાયોમાં પણ શાસ્ત્રને જ પ્રમાણ માનવું પડશે. એથી ગીતોપનિષત્માં પ્રભુએ કહ્યું છે

'તસ્માચ્છાસ્ત્ર પ્રમાણં તે કાર્યાકાર્યવ્યવસ્થિતૌ'

ઉત્તમ શિક્ષણ આપવાવાળા વાક્યને શાસ્ત્ર કહે છે. શાસ્ત્રમાં સૌથી પહેલું સ્થાન વેદનું છે. વેદના પ્રામાણ્યમાં કોઈનો વિરોધ છે જ નહીં. પરંતુ કેવળ વેદમાત્રથી બધી વાતોનો નિર્ણય કરવો અસંભવ નથી તો પણ સર્વજ્ઞતાની તો અપેક્ષા અવશ્ય રાખે છે. જેવી રીતે વક્તા પોતાના વાક્યોનું મૂળ તાત્પર્ય પોતે સારી રીતે કહી શકે છે. તેવી જ રીતે વેદરૂપ ઈશ્વરવાક્યોનું તાત્પર્ય, સારી રીતે ઈશ્વર જ જાણી શકે છે. બીજાનું આ સામર્થ્ય નથી કે તે વેદના મૂળ તાત્પર્યનો નિકાલ કરે. એ માટે કહ્યું છે કે 'નૈષા તર્કેણ મતિરાપનેયા' 'ઈત્યસ્યા હૃદ્યં લોકે નાડન્યો મદ્વેદ કશ્ચન'

આવી રીત છે કે જ્યાં મૂળ તાત્પર્ય સમજવામાં ન આવે ત્યાં તે તાત્પર્યને ગ્રહણ કરવા માટે બુદ્ધિમાનને તેને અનુકૂળ પોતાની બુદ્ધિનો ઉપયોગ કરવો પડે છે. જેવી રીતે - કાકેભ્યો દધિ રક્ષ્યતામ્' અને ગંગાયાં ઘોષઃ' 'કાગડાઓથી દહીં બચાવવું' અને ગંગાના પ્રવાહમાં ગોશાલા' આ બંને વાકયોમાં તાત્પર્યાનુપપત્તિ હોવાથી બુદ્ધિમાનોએ પોતાની બુદ્ધિનો ઉપયોગ કર્યો છે . અને એમ કરી લીધું કે 'દહી નાશકરવાવાળા બધા પ્રાણીઓથી એને બચાવો' એથી જ રીતે બીજા વાકયમાં 'ગંગા તટ પર ગોશાલા' આ બુદ્ધિના ઉપયોગનું નામ વિદ્વાનોને લક્ષણા રાખ્યું છે.

વેદમાં પણ જ્યારે વાક્યનું તાત્પર્ય સમજવામાં ન આવે તે સમયે બુદ્ધિનો ઉપયોગ કરવો પડે છે. ત્યાં પણ પોતાના તર્ક અને વિચારથી

કામ લેવું પડે છે. ફરક એટલો છે કે વેદના તાત્પર્ય જાણવા માટે ઈશ્વરની બુદ્ધિ જ કામ આવી શકે છે. સામાન્ય મનુષ્યની સામાન્ય બુદ્ધિમાં ભ્રમ, વિપ્રલિપ્સા વગેરે બુદ્ધિ દોષ રહેલા હોય છે. એથી આવી બુદ્ધિથી કાં તો શાસ્ત્રના અર્થ જ નથી બેસતા અને જો અર્થ સમજવામાં આવે તો પણ અનેક સંદેહો પેદા થઈ જાય છે. આવા સમયે વેદના અર્થને બેસાડવા ભગવાન સ્વયં એક અંશ દ્વારા અવતાર લે છે તે જ્ઞાનકલાવતાર પ્રસિદ્ધ તત્ત્વવેત્તા શ્રીવેદવ્યાસ છે. જો કે વ્યાકરણ આદિ છ અંગોથી વેદનું અર્થ થઈ શકે છે, તોપણ મન્દમધ્યમ અધિકારીઓને તાત્પર્યમાં સંદેહ રહ્યા કરે છે, એ માટે નિર્દોષ વિચાર શાસ્ત્રની બહુ જ આવશ્યકતા રહે છે. વેદાર્થનાં સંદેહોને દૂર કરવાવાળા શાસ્ત્રને વિચાર શાસ્ત્ર અથવા મીમાંસા કહે છે. ઉપનિષદ્ ભાગના સંદેહોને દૂર કરવા માટે તથા વેદના તાત્પર્યને બતાવવા માટે ભગવદાજ્ઞાનુસાર વેદવ્યાસજીએ સૂત્રમય વિચાર શાસ્ત્ર બનાવ્યું જેને આપણે ઉત્તરમીમાંસા કહીએ છીએ. વેદવ્યાસજીએ જ કતિપય પુરાણ તથા વેદાર્થના આભાસને દેખાડવાવાળા શ્રીમન્ મહાભારત આદિ બીજા પણ ગ્રંથો પ્રકટ કર્યા એટલું કરવાથી પણ વ્યાજીના હૃદયને સંતોષ ન થયો પછી નારદજીએ શ્રીવ્યાસજીએ સમજાવ્યું કે મનુષ્ય કેટલો પણ બુદ્ધિશાળી કેમ ન હોય તેના કાર્યમાં કોઈને કોઈ ત્રુટિ તો રહી જ જાય છે. મોક્ષ સિવાય બધા પુરુષાર્થ દોષયુક્ત છે. એક મોક્ષ જ અત્યન્તિક અને નિર્દોષ પુરુષાર્થ છે. પરમાત્માનો સાક્ષાત્કાર થવો એ જ મોક્ષ અથવા ચોથો પુરુષાર્થ કહેવાય છે. એમણે ધર્મ, અર્થ, કામ એ ત્રણ વર્ગની કથા તો બહુ જ વિસ્તારથી ગાઈ પરંતુ પરમાત્માના વિશુદ્ધ ચરિત્ર વિશે કાંઈ ન કહ્યું જેનાથી જીવને નિદોર્ષ પુરુષાર્થની પ્રાપ્તિ થાય. આ જ વેદાદિ સર્વ શાસ્ત્રોનું તાત્પર્ય છે. સાક્ષાત્ પુરુષોત્તમથી પ્રાપ્ત થયેલું આ શ્રીમદ્ ભાગવત હું તમને આપું છું. આપ પણ પાછા સમાધિ દ્વારા આને પોતાના હૃદયમાં સ્થાપીને હવે પ્રભુના ચરિત્રોનો વિસ્તાર લોકમાં કરો. આ પ્રમાણે શ્રીનારદ દ્વારા ઉપદેશ પામીને શ્રીવ્યાસજીએ સર્વ વેદોના સાર સર્વનિર્ણયરૂપ સર્વ સંદેહોને દૂર કરવાવાળા શ્રીમદ્ ભાગવતનું પ્રકાશન કર્યું. સમાધિમાં બધા પદાર્થોનો અનુભવ કરીને શ્રીમદ્ ભાગવતનું નિર્માણ થયું અને તેથી એને સર્વ નિર્ણયિક કહેવામાં આવે છે. અને સમાધિભાષા પણ કહે છે. અને એ માટે સેવા વિષયના નિર્ણય કરતી વખતે આપણે પણ શ્રીમદ્ ભાગવત 'બધા વેદ, ઈતિહાસ આદિ શાસ્ત્રોનો સાર આ શ્રીમદ્ ભાગવત છે.' તથા વેદવ્યાસજીએ શરૂઆતમાં જ આ કહ્યું છે કે 'વેદરૂપ વૃક્ષમાંથી સ્વયં પડેલું ફળ આ શ્રીમદ્ ભાગવત છે.' આવા અનેક વાક્યોથી આ સિદ્ધ થાય છે કે શ્રીમદ્ ભાગવત સર્વ શાસ્ત્રોનો સાર છે. સર્વ વિષયોના નિર્ણય કરવા માટે સમર્થ છે. શ્રીમદ્ વલ્લભાચાર્ય ચરણે પણ તત્ત્વદીપ નિબંધમાં કહ્યું છે કે અલૌકિક પદાર્થોના નિર્ણય કરવામાં વેદ, સૂત્ર, ગીતા અને શ્રીમદ્ ભાગવત આ ચાર પ્રમાણ સમર્થ છે. આ ચારેય એકબીજાના ઉત્તરોત્તર સંદેહ નિવારક છે.

એનાથી આ સિદ્ધ થાય છે કે સર્વસંદેહરહિત નિર્ણય કરવો હોય તો શ્રીમદ્ ભાગવતનો આશ્રય લેવો એ માટે પણ સેવાના નિર્ણય કરતી વખતે આપણે શ્રીમદ્ ભાગવતના વચનોનો આશ્રય લેવો જ ઉચિત છે.

૨. શ્રીમદ્ ભાગવતના સપ્તમ સ્કન્ધમાં પ્રલ્હાદે પોતાના પિતાના પ્રશ્નના ઉત્તરમાં કહ્યું છે કે 'હે જનક ! પરમાત્માના શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, (સેવા) અર્ચન, વન્દન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન આ નવ પ્રકારની ભક્તિ જો પ્રભુમાં સમર્પિત કરીને કરવામાં આવે તો હું એને ઉત્તમ ભણતર સમજું છું' આ પ્રમાણે એ જગ્યાએ શાસ્ત્ર વિચારનું ઉત્તમ ફળ બતાવીને આ વક્તવ્ય છે કે 'નવધા ભક્તિ કરવી એ જ મોક્ષ માટે જીવનું મુખ્ય કર્તવ્ય છે.'

૩. શ્લોકની અક્ષરયોજના આ પ્રમાણે છે કે 'શ્રવણથી માંડીને નિવેદન સુધીની આ નવ પ્રકારની ભક્તિ જો ભગવાનમાં અર્પણ કરીને કરવામાં

આવે તો એને હું ઉત્તમ અધ્યયન માનું છું.’

અહીં ‘અર્પિતા’ કહેવાથી આ મતલબ છે કે ભક્તિ કર્યા પછીથી અર્પણ કરવું ઉચિત નથી પરંતુ કરતી વખતે જ પ્રભુમાં એને અર્પણ કરવું. જેમ કે કોઈએ કહ્યું છે કે ‘શૂરવીરે તે જ ક્ષણે સૈન્યને, મરી ગયા છે ઘોડા અને હાથી જ્યાં એવો કરી દીધો’ આ વાક્યમાં ઘોડા, હાથીઓને સૈન્યમાં મારવું વક્તવ્ય છે, ન કે મરેલાઓને ભેગા કરવા. એ પ્રમાણે અહીંયા પણ સમજવું. ‘અર્પિતા’ માં અર્પણનો અર્થ છે સ્થાપન. એટલે કે શ્રવણ આદિ ભક્તિ કરતી વખતે એ ભક્તિને પ્રભુમાં જ રાખવી. એને બીજા કોઈ ફળમાં કામ ન લેવી. ભક્તિથી ભગવદ્ સિવાય મોક્ષની પણ ચાહના ન કરવી જોઈએ. એને જ અર્પિતા ભક્તિ કહે છે. જો ભક્તિથી ફલાન્તરની ઈચ્છા કરવામાં આવે તો તે ભક્તિ પ્રભુથી ઝૂંટવી લેવામાં આવી હોય એવી માનવામાં આવશે. અર્પિત અથવા સ્થાપિત એ જ કહેવામાં આવે છે જે જ્યાંની ત્યાં જ રહી શકે અને એને ઉઠાવીને બીજા કામમાં લેવામાં આવે તો એને સ્થાપિત ન કહેવાય. એથી નવધાભક્તિ કરતી વખતે પ્રભુસેવા, દેવતાઓથી પણ ભક્તિની બદલીમાં બીજા કોઈ ફળની ચાહના ન રાખવી જોઈએ.

૪. આ વાક્યમાં ‘પુંસા’- ‘મનુષ્યને’ આ સર્વ સાધારણ ઉક્તિ છે. એનાથી ખબર પડે છે કે પ્રભુની નવધા ભક્તિ કરવાનો મનુષ્ય માત્રને અધિકાર છે. આ સપ્તમ સ્કન્ધમાં શ્રીનારદજીએ કહ્યું છે કે સત્પુરૂષોના આશ્રય આ પ્રભુના શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન એ મનુષ્ય માત્રનો શ્રેષ્ઠ ધર્મ છે. આ રીતે આ સિદ્ધ થાય છે કે ભક્તિમાં બધાનો સમાન અધિકાર છે.

૫. પ્રભુ ભક્તના મુખથી પ્રભુના જન્મ આદિ ચરિત્ર, નામ તથા સ્તોત્ર, પાઠ વગેરેનું ધ્યાનપૂર્વક શ્રવણ કરવાને ‘શ્રવણ’ કહે છે. અગીયારમા સ્કન્ધના બીજા અધ્યાયમાં બ્રહ્મવેત્તા ભગવાન કવિએ (સહદેવજીએ)

કહ્યું છે કે ‘હે રાજન્ જનક ભગવદ્દભક્ત, બધામાંથી આસિક્ત હટાવીને ચક્રધારી ભગવાનના પરમમંગલ જન્મ અને કર્મોનું શ્રવણ કરતાં કરતાં અને જન્મકર્મની યાદ અપાવવાવાળા ભગવન્ નામોનો ખુલાસો લેતાં લેતાં ફરો.’ અહીં શ્રવણનો વિષય જન્મકર્મોને કહ્યું છે એ માટે અને બીજા વચનોમાં નામ સ્મરણનું પણ માહાત્મ્ય કહ્યું છે એ માટે પણ પ્રભુની જન્મ આદિ લીલા અને નામ આદિનું શ્રદ્ધાથી ધ્યાનપૂર્વક સાંભળવાને ‘શ્રવણ’ કહે છે.

૬. પ્રભુના નામ, ચરિત્ર તથા સ્તોત્રોને શ્રદ્ધાથી અધિકાર અનુસાર કરવાને ‘કીર્તન’ કહે છે. ‘ગૃણન્તિ ગુણનામનિ’ તથા ‘ગીતવેણુરગેડિત કીર્તિઃ’ ઈત્યાદિ શ્લોકમાં પ્રભુના ચરિત્ર વગેરેને કીર્તનનો વિષય કહ્યો છે, એ માટે ભગવાનના ચરિત્ર સ્તોત્ર વગેરેને શ્રદ્ધાથી કહેવા એને જ ‘કીર્તન’ કહે છે. આમ કહેવું ઉચિત છે.

૭. પ્રભુના સ્વરૂપ, લીલા તથા લીલાના પરિકરને મનમાં લઈ આવવાને ‘સ્મરણ’ કહે છે. ‘સ્મરન્તઃ સ્મારયન્તશ્ચ મિથૌડઘૌઘહરં હરિં’ તથા ‘સ્મરન્તિ નન્દન્તિ તવેહિતં જનાઃ’ ઈત્યાદિ વાક્યોમાં પ્રભુના ચરિત્ર તથા સ્વરુપને સ્મરણનો વિષય કહ્યો છે એટલે સ્વરુપલીલા આદિના ચિન્તનને ‘સ્મરણ’ કહેવું ઉચિત જ છે.

૮. શ્રદ્ધાથી સદા પ્રભુની સેવા કરવી એને “પાદસેવન’ કહે છે ‘શ્રવણ’ ઈત્યાદિ શ્લોકમાં ‘પાદસેવન’ આ શબ્દથી કેવળ ચરણસેવા જ ન સમજવી જોઈએ પરંતુ સોહિનીની (બુહારીની) સેવાથી લઈને અન્નકૂટ વગેરેની મહાસેવા સુધીની બધી સેવા લેવી ઉચિત છે. કેમ કે શ્રીનારદના ‘સેવેજ્યા’ વગેરે વાક્યમાં કેવળ સેવા શબ્દ છે. એટલે અહીંયા પણ પાદસેવનથી બધી સેવા લેવી ઉચિત છે.

૯. પ્રભુનું માહાત્મ્ય સમજીને લોકરીતિથી જુદી રીતે પ્રભુની પરિચર્યા

(સેવા) કરતી વખતે જે ઉપચાર કરવામાં આવે તેને 'અર્ચન' કહે છે આપણી દીનતાને પ્રકટ કરીને જે પ્રભુને નમન કરીએ તેને 'વંદન' કહેવાય છે. કોઈ પણ પ્રકારે પ્રભુ સિવાય અને બીજા કોઈનો આશ્રય ન લેવો એને 'દાસ્ય' કહે છે.

૧૦. શ્રદ્ધાથી પ્રભુમાં અને પ્રભુની સેવામાં કોઈની પ્રેરણા વગર જે સારું કરવામાં આવે તેને 'સખ્ય' કહે છે. 'સુહૃદં સર્વભૂતાનાં જ્ઞાત્વા માં શાન્તમૃચ્છતિ' આ ગીતોપનિષદ્‌નાં વાકયમાં આ જાહેર છે કે હિતાચરણને સખ્ય કહેવું ઉચિત છે. તથા ચતુર્થ સ્કન્ધના ચરન્તં વિશ્વસુહૃદં વાત્સલ્યાલ્લોકમંગલ' આ શ્લોકમાં પણ 'સબકા હિત કરના' આ જ સુહૃત્ નું ધર્મ કહ્યું છે. દસમા સ્કન્ધના 'કુર્વન્પ્રારોક્ષ્ય સુહૃદં' આ વાક્યમાં પણ કોઈની પ્રેરણા વગર હિત (સારું) કરવાને જ સુહૃતનુ ધર્મ બતાવ્યું છે. 'કોઈ વિધિ કે નિયમ ન હોવા છતાં પણ હિત કરવું' આ મૈત્રીનો ધર્મ છે એ બીજી જગ્યાએ પણ આવી ચૂક્યું છે.

જેમકે દસમા સ્કન્ધમાં શ્રીમાન્ ઉદ્ધવને કહ્યું છે કે 'યાદવોમાં શ્રેષ્ઠ તથા પ્રભુના મંત્રી અને પ્યારા સખા' આ સખા શબ્દની વિશેષ વ્યાખ્યા કરતી વખતે આ સ્વયં સ્ફુરિત થાય છે કે 'ઉદ્ધવજીએ પોતાની બાલ્યાવસ્થામાં કોઈની પ્રેરણા થવી અને એનું પાલન કરવું અસંભવ છે. એટલે કહેવું પડશે કે ઉદ્ધવે પણ કોઈની પ્રેરણા વગર જ પ્રભુની સેવા કરી. આ વાત તૃતીય સ્કન્ધમાં કહી પણ છે કે 'પ્રભુની સેવા રૂપ બાલક્રીડા કરતી વખતે જે ઉદ્ધવને માતાએ કલેવા (નાસ્તો કરવા) બોલાવ્યા પરંતુ ઉદ્ધવે એની ઈચ્છા ન રાખી કેમકે તે હવે મૈત્રીમાં ડૂબી ગયેલો પ્રભુના વિરહને કેમ સહન કરે.' તેમજ દસમા સ્કન્ધમાં શ્રુતિરુપા ગોપીઓએ કહ્યું છે કે 'હે આલિ વનમાં શ્રીબલરામ તથા ગોપબાળકો ની સાથે વ્રજનાં ગાય-વાછરડાઓને ચરાવવા માટે, જ્યારે પ્રભુ પધારે છે તો સૂર્યના તાપમાં એમને ગોચારણ કરતા તથા વેણુનાદ કરતા જોઈને, આ ઘનશ્યામ મિત્ર મેઘ પોતાના વિશાળ દેહની છાયાથી છત્રછાયા તથા નાની નાની જલની બૂંદોથી શીતલતા કરીને પ્રભુની સેવા કરે છે.' અહીં શ્રીગોપિકાઓના વાકયથી પણ આતપ નિવારણરુપ' અપ્રેરિત હિત કરવું એ સુહૃતનો ધર્મ છે' એ સિદ્ધ થાય છે.

૧૧. લોકમાં પણ આ પ્રસિદ્ધ છે કે જેમ બંને હાથ શરીરનું તથા બંને પલક નેત્રોનું કહ્યા વગર જ રક્ષણ કરવામાં તત્પર રહે છે, એવી જ રીતે જે પોતાના મિત્રનું કોઈની પણ પ્રેરણા વગર પ્રિય કરતા રહે તેને મિત્ર કહે છે. એવી રીતે અનેક પ્રમાણ વાક્યોથી આ સિદ્ધ થાય છે કે નવધા ભક્તિના આ શ્લોકમાં 'સખ્ય' શબ્દનો અર્થ 'અપ્રેરિતહિત કરવું' એ જ ઉચિત છે. વ્યાકરણ, ઉપમાન, કોષ, યથાર્થ વક્તાના વાક્યો, તથા લોક પ્રસિદ્ધિ આ પાંચ પ્રમાણોથી શબ્દની શક્તિ (અર્થ) નો નિર્ણય થઈ જાય છે. આ બધું સખ્ય શબ્દનો અર્થ કરવામાં એકમત છે. જો પોતાના વાક્યની આકાંક્ષા હોય તો શ્રીધરસ્વામી શ્રીભાગવતની ટીકામાં 'સખ્યં વિશ્વાસાદિ' (મિત્રતા દૃઢ વિશ્વાસ વગેરે ધર્મોને કહે છે) કહીને આપણા જ અર્થની પુષ્ટિ કરે છે.

૧૨. જ્યાં જ્યાં પ્રભુની સેવા બિરાજમાન છે, ત્યાં સર્વત્ર ગ્રીષ્મમાં પંખા કરવા, ચંદન ધારણ કરાવવું ઈત્યાદિ તથા શીતકાલમાં ગદ્દર ધારણ કરાવવી, સુહાગસૂંઠ ભોગ, ઈત્યાદિ જેટલા ઋતુને અનુસાર ઉપચાર કરવામાં આવે તે બધા સખ્યભક્તિ છે. કેમ કે આ ઉપચાર પ્રભુને પ્રિય છે. જો કે એવા ઉપચાર કરવામાં સદાચાર સિવાય અને વેદાદિની આજ્ઞા ન મળે તો પણ એકાદશ સ્કન્ધની 'યદ્યદિષ્ટતમં' વગેરે આજ્ઞાને અનુસાર પ્રભુને પ્રિય હોવાથી સખ્યરૂપ આ ઉપચાર કરવામાં આવે છે. કોઈની પ્રેરણા વગર પ્રિય હિત કે ઉપચારોનું કરવું એ જ તો સખ્ય કહેવાય છે. કોઈ શાસ્ત્રના વચનનો વિષય ન હોય એ અપ્રેરિત કહેવાય છે. 'માલયા દયિત ગન્ધતુલસ્યા' ઈત્યાદિ વચનોથી એ જાણવા મળે છે કે 'તુલસી પ્રભુને અતિ પ્રિય છે' એથી જ સેવામાં (ભોગ આદિમાં) તુલસી

સમર્પણ થાય છે. એનાથી આ પણ સ્પષ્ટ થાય છે કે 'મંત્રો વગેરેથી જ જો સેવા કરીએ એ આગ્રહ રાખવો ઠીક નથી. એ માટે નિબંધમાં શ્રીઆચાર્યચરણની આજ્ઞા છે કે 'મંત્રમાત્રથી પૂજા કરવાના આગ્રહમાં ન પડવું'

૧૩. દેહ સ્ત્રી પુત્ર આદિ સમગ્ર પરિકર સહિત પોતાની જાતને પ્રભુને નિવેદન કરવું એ 'આત્મનિવેદન' કહેવાય છે. આત્મનિવેદનથી જ જીવને પ્રભુસેવા કરવાનો અધિકાર મળે છે. 'દારાન્ સુતાન્' (સ્ત્રી, પુત્ર) ઇત્યાદિ નવયોગીશ્વરના વાક્યથી તથા 'એવં ધર્મૈર્મનુષ્યાણામુદ્ધવાત્મનિવેદિનાં' ઇત્યાદિ ઉદ્ધવના પ્રતિ પ્રભુના વચનામૃતોથી ગૃહપુત્રાદિક જીવના પરિકર છે એ ખબર પડે છે. એને આવા આવા વચનોનું આ તાત્પર્ય છે કે પરિકરસહિત આત્માના નિવેદન કરવાથી જીવને પ્રભુની સેવા કરવાનો અધિકાર મળે છે.

૧૪. અહીં પ્રશ્ન ઊઠી શકે છે કે જ્યારે પ્રભુએ પોતાની ક્રીડા માટે જ આ સમગ્ર જગત્ બનાવ્યું છે તો સમગ્ર જગત્ પોતાની મેળે પ્રભુનું જ થયું તો પછી એનું નિવેદન કેવું ? જે વસ્તુ પહેલેથી જ બીજાની હોય એનું એને જ નિવેદન કરવું એ તો એક મશ્કરી છે.

આ પ્રશ્ન પર આ સિદ્ધાંત શાસ્ત્ર સિદ્ધ છે કે જો સમગ્ર જગત્ પ્રભુનું છે તો દેહ ગેહ આદિ અહંતા મમતાના પદાર્થ પણ ભગવદીય છે. તો પણ જીવની બુદ્ધિ ભગવન્માયાથી મોહિત થઇ રહી છે એટલે આ જીવને એ પ્રભુના પદાર્થોમાં 'આ મારા છે' એ રીતે અનાદિકાલથી પોતાનાપણાથી ઉલટી બુદ્ધિ ચાલી આવી છે.

આ ઊલટી સમજ જ પ્રભુસેવાની બાધક છે. એનાથી જીવનો સેવા કરવાનો અધિકાર જતો રહ્યો છે. આ ઊલટી સમજનું નિવૃત્ત થવું (હટી જવું) બહુ અપેક્ષિત છે. આઠમા સ્કન્ધમાં બલિરાજાની

મહારાણી વિન્ધ્યાવલિએ કહ્યું છે કે 'હે પ્રભો આપે પોતાની ક્રીડા માટે આ ત્રણ લોકનું નિર્માણ કર્યું છે પરંતુ દોષબુદ્ધિવાળા જીવ એ આપના પદાર્થોમાં પોતાનું સ્વામિત્વ જમાવે છે.' આ વચનમાં જીવોની બુદ્ધિ માયામોહથી ભ્રષ્ટ થઇ ગઇ છે એથી જ એમને બીજાની વસ્તુમાં પોતાપણું એ અધ્યાસ થયો છે એથી જ એમને બીજાની વસ્તુમાં પોતાપણું એ અધ્યાસ (અવિદ્યા) થયો છે એ વાત કહી છે. આ અધ્યાસ (અવિદ્યા) ને હટાવવું એ નિતાન્ત વાંછનીય છે. પોતપોતાના અહંતા મમતાના સ્થાને આ સ્ત્રી, પુત્ર, દેહ આદિ પદાર્થ પ્રભુના ચરણોમાં સમર્પણ કરવાથી આ અવિદ્યા ધીરે ધીરે નિવૃત્ત થાય છે. અને એનાથી જતો રહેલો પ્રભુસેવાનો અધિકાર જીવને પાછો મળી જાય છે. એનાથી સ્પષ્ટ છે કે પ્રભુના પદાર્થોમાં 'આ મારા છે' આ જે જીવની ઊલટી સમજ થઇ રહી છે એને હટાવીને 'આ બધા પ્રભુના જ છે' આ બુદ્ધિને સ્થિર કરીને દેહ, સ્ત્રી, પુત્ર, ગૃહ આદિ પદાર્થોને પ્રભુની સેવા કરવામાં લાયક બનાવવા એ જ આત્મનિવેદન કહેવાય છે.

૧૫. આ પ્રમાણે આ શ્રવણાદિ નવધાભક્તિ, પ્રભુમાં પ્રેમ થાય એ માટે અવશ્ય કર્તવ્ય છે. કેમ કે આ નવધાભક્તિનું ફળ પ્રેમલક્ષણાભક્તિ જ છે. પ્રભુએ પોતાના શ્રીમુખથી કહ્યું છે કે મારી પ્રીતિ એ જીવને મોક્ષસિદ્ધિ છે અને એ તત્ત્વવેત્તાઓનો સિદ્ધાંત છે કે દેહાદિક પદાર્થ મારા માટે જ સારા લાગે છે, એટલે મારામાં પ્રીતિ કરો. દ્વિતીય સ્કન્ધમાં પણ કહ્યું છે કે 'બ્રહ્માજીએ એકાગ્ર ચિત્ત થઇને પોતાની ઋતંભરા બુદ્ધિથી સમગ્ર વેદને ત્રણ વખત વિચારીને આ નિશ્ચય કર્યો કે 'પ્રભુમાં પ્રીતિ થવી એ જ સર્વશાસ્ત્રોનો સાર છે'. નિબંધમાં શ્રીવલ્લભાચાર્યજીની પણ એ આજ્ઞા છે કે પ્રેમસેવા (પ્રેમલક્ષણાભક્તિ)થી જ સારી રીતે પ્રભુનો સાક્ષાત્કાર થાય છે.

૧૬. આ રીતે આ વાત સર્વત્ર શાસ્ત્રોમાં સ્પષ્ટ છે કે પ્રભુમાં પ્રેમ થવો એ

જ ફલ છે. જો એવી આકાંક્ષા હોય કે આ ફલ કયા સાધનથી પ્રાપ્ત થાય તો કહેવું પડશે કે મર્યાદામાં પ્રભુપ્રેમરૂપ ફળનું એકમાત્ર સાધન શ્રવણાદિ નવધાભક્તિ છે 'ભકત્યા સઞ્જાતયા ભક્ત્તયા ઉદ્ધવાત્મનિવેદિનામ્'. 'મયિ સંજાયતે ભક્તિઃ - 'ભક્તિથી સિદ્ધ થયેલી ભક્તિ દ્વારા 'હે ઉદ્ધવ આ પ્રમાણે આત્મનિવેદન કરવાવાળાની મારા વિષયમાં ભક્તિ થાય છે' આવા અનેક વાક્યોથી આ વાત સ્પષ્ટ છે. નિબંધમાં શ્રીમદાચાર્યચરણે કહ્યું પણ છે કે પ્રભુના સાક્ષાત્કારનું સાધન પ્રેમ છે. અને એ પ્રેમનું સાધન નવધાભક્તિ છે.

૧૭. અને વિદ્વાનોએ પણ કહ્યું છે કે શ્રીવલ્લભાચાર્યના મતમાં ફળ પ્રભુનું સાક્ષાત્કાર છે. પ્રભુના પ્રાકટ્યનું અસાધારણ સાધન અનન્યપ્રેમ છે. અને એ પ્રેમનું સાધન નવધાભક્તિ છે. એ નવધા ભક્તિમાં જો બધા વર્ણાશ્રમધર્મોનો ઉપયોગ થાય તો ઉચિત છે.

૧૮. એટલા માટે શ્રીમદ્ વલ્લભાચાર્યજીના મત અનુસાર વર્તનાર વૈષ્ણવોને ત્યાં સર્વત્ર આ નવધાભક્તિ કરવામાં આવે છે. સેવાના અનવસરમાં શ્રીભાગવત, શ્રીસુબોધિની તથા બીજા ભગવાનના નામ વગેરેનું શ્રવણ, આ શ્રવણભક્તિ થાય છે. એવી જ રીતે અનવસરમાં તથા સેવા સમયમાં પણ શ્રીભાગવત, શ્રીસુબોધિની, શ્રીગીતા તથા બીજા પણ ભગવદ્‌ભક્તોના રચિત સંસ્કૃત તથા પ્રાકૃત સ્તોત્ર, કીર્તનોના પાઠ પણ કરવામાં આવે છે. નિત્યનિયમના સમયે શરણમંત્ર, સમર્પણમંત્ર તથા ભગવન્ નામોનું ફરી ફરી આવર્તન કરવાનો સદાચાર છે. આ બધી કીર્તનભકિત છે જપ કરતી વખતે મહાવન, વૃંદાવન અનેક લીલાસ્થળોની વિવિધ લીલાઓનું તથા લીલાધામ શ્રીકૃષ્ણનું સ્મરણ થાય છે. એ સ્મરણ ભકિત છે. ભગવન્ મંદિરમાં સોહિની, પ્રભૃતિથી સંમાર્જન કરવું, વસ્ત્રોનું ધોવું, રંગવું, વગેરેથી માંડીને મંગળાથી શયન સુધીની બધી સેવા પાદસેવન કહેવાય છે. પંચામૃતસ્નાન, અધિવાસન, સંકલ્પ, દેવોત્થાપન, તથા આ બધાના મંત્રોસ્મરણ આ નૈમિત્તિક

(ઉત્સવોમાં થતા) તથા નિત્ય થાય એ ધૂપ, દીપ, શંખોદક વગેરે ઉપચાર અર્ચનરૂપ ભક્તિ છે. આ પૂજામાર્ગની પૂજા નથી કેમકે આ બધી ભક્તિ પ્રકરણમાં કહેવામાં આવી છે. એકાદશ સ્કન્ધમાં કહેવામાં આવ્યું છે કે 'જે આ પ્રમાણે મારું ભજન કરે છે તે ભક્તિયોગને પ્રાપ્ત થાય છે. તો અહીં પૂજાને ભક્તિનું સાધન બતાવીને પૂજા અને ભક્તિમાં સ્પષ્ટ જ ભેદ કહ્યો છે. પ્રભુમાં દીનતા રાખવી એને જ વંદન કહેવાય છે. આ પુષ્ટિમાર્ગમાં સર્વત્ર સ્પષ્ટ છે. ભગવાનનો પ્રસાદ લેવો, પ્રસાદી વસ્ત્ર ધારણ કરવા, તિલક વગેરેથી શિષ્ટ કુંકુમ-ચંદન વગેરેથી જ તિલક કરવું, અન્યાશ્રય ન કરવું, વગેરે બધું અનન્યગામિરૂપ દાસ્યભક્તિ તે પણ પુષ્ટિમાર્ગમાં પ્રસિદ્ધ છે. ત્વયોપભુક્તસ્ત્રગંધ ઈત્યાદિ એકાદશ સ્કન્ધના ભગવદ્ વાક્યમાં પ્રભુપ્રસાદી વસ્ત્ર, અન્ન આદિનું જ ગ્રહણ કરવું આ આચારને જ દાસ્ય કહ્યું છે.

૧૯. શીતકાલમાં પ્રભુને દિવસે ગદ્દર તથા રાત્રે રજાઈ ધરાવવી, ઉષ્ણકાલમાં ચંદન, ગુલાબજલ આદિ અર્પણ કરવા, તથા પ્રાતઃકાલથી લઈને સાંજ સુધી સમય સમય પર ઋતુને અનુકૂલ સહતુ, ઉત્તમ પકવાન, પના, દુગ્ધ, દધિ, સંધાના, માખનમિશ્રી આદિ લોકપ્રિય ઉત્તમ પદાર્થોનું પ્રભુના ભોગ વગેરેમાં પધરાવવું આ બધું 'સખ્ય' રૂપ ભક્તિ પણ શ્રીમદ્ વલ્લભાચાર્ય પ્રકટિત પુષ્ટિમાર્ગમાં કરવામાં આવે છે. અપ્રેરિત હિત આચરણ જ 'સખ્ય' કહેવાય છે. એ માટે બધું કરતી વખતે કોઈ પણ પ્રમાણની અપેક્ષા નહીં. કે ચંદન આદિ સમર્પણ કરતી વખતે કોઈ મંત્રો આદિ નથી બોલવામાં આવતા આ જ આશય એકાદશ સ્કન્ધના પ્રભુના વચનમાં પણ છે.

યદ્યદિષ્ટતમં લોકે યચ્ચાતિપ્રિયમાત્મનઃ ।
તત્તન્નિવેદ્યેન્મહ્યં તદાઽઽનન્ત્યાય કલ્પતે ॥

જે જે વસ્તુ લોકમાં લોકવેદાદિથી અગર્હિત હોય તથા જે

આપણને પોતાને અતિ પ્યારી લાગતી હોય તે બધી ઉત્તમ તથા અનિષિદ્ધ ભોજ્ય પય દધિ, ધાર્ય વસ્ત્રાદિ, લેપ્ય ચંદનાદિ, ફૂલ વગેરે પદ દઈને આ બતાવ્યું છે કે આ સખ્ય ભક્તિમાં કોઈ વિધિની અપેક્ષા નહીં તથા વસ્તુઓનાં અલગ અલગ નામ કહેવાની પણ અપેક્ષા નહીં. પરંતુ લોક પ્રકૃતિને અનુસાર ઉત્તમ અને પ્રિય પદાર્થોનું મને અર્પણ કરવું એટલું માત્ર જ્ઞેય છે. એટલા માટે ક્યારે શું શું અર્પણ કરવું એ અલગ અલગ નામ નથી આપ્યા તો પણ 'યત્ યત્' ની ગોદમાં બધી વસ્તુઓને લઈ લેવામાં આવી છે એટલે અવિહિતરૂપ દોષ પણ ન રહ્યો. 'ઈષ્ટતમં' કહેવાથી આ ખબર પડે છે કે લોકવેદથી અનિન્દિત પદાર્થનું જ પ્રભુને સમર્પણ કરવું એ આજ્ઞા છે. તેથી લોકમાં સ્વાદિષ્ટ કહેવામાં આવતું તરબૂચ પ્રભુના ભોગમાં નથી આવતું. કેમકે વેદમાં ન 'કલીજ ભક્ષયેત્' તરબૂચ ખાવાની મનાઈ કરી છે. અને શાસ્ત્રનિષિદ્ધ હોવાથી તરબૂચમાં ઈષ્ટતમત્વ નથી. જો કે વૃન્તાક (બેંગન) (રીંગણા) પણ નિષિદ્ધ પંક્તિમાં જ કહ્યું છે તો પણ વ્યવસ્થાપક 'વૃન્તાક શ્વેત વૃન્તાકં' વચનથી કૃષ્ણવૃન્તાક ગ્રાહ્ય છે એ સિદ્ધ છે. અને લોકમાં એને અતિપ્રિય ગણવામાં આવે છે એ માટે પ્રભુને નિવેદન કરવામાં આવે છે. મૂળા પણ જો કે વ્યવસ્થાપક વચનથી શાસ્ત્રમાં અનિષિદ્ધ છે તો પણ એના પાક સમયમાં ખરાબ ડકારો આવે છે, એ માટે ભોગમાં નથી આવતા.

૨૦. આ પ્રમાણે સિદ્ધ થયું કે લોકમાં તથા વેદમાં જે પદાર્થ અદૂષિત છે એને જ પ્રભુને અર્પણ કરવા આ તત્વદીપ નિબંધમાં કહ્યું છે -

યદ્યદિષ્ટતમં લોકે યચ્ચાતિપ્રિયમાત્મનઃ ।
યેન સ્યાન્નિર્વૃતિશ્ચિતે તત્કૃણે સાધયેદ્ભુવમ્ ॥

અર્થાત્ - જે વસ્તુ લોકવેદથી અનિન્દિત અને લોકમાં પ્રિય મનાય હોય તથા જે શાસ્ત્ર દ્વારા પ્રભુપ્રિય કહેવામાં આવી હોય તે બધી પ્રભુને

અર્પણ કરવા યોગ્ય છે અને એ સખ્યભક્તિને અનુરૂપ છે.

૨૧. શ્રીસુબોધિનીજીના 'હરિણ્યોડપ્સરસો ગાવઃ' આ પ્રકરણમાં શ્રીમદ્વલ્લભાચાર્યને મેઘની ભક્તિ **(दृष्ट्वाऽऽतपे व्रजपशून्)** આ શ્લોકની સુબોધિનીજીમાં) વર્ણન કરતી વખતે આજ્ઞા કરી છે કે -

ઉત્કર્ષશ્ચાપિ વૈરાગે હરેરપિ હરિર્યદિ ।
ભક્ત્યા ચ તાદશત્વં ચ સા સેવા સેવકોચિતા ॥

અર્થાત્ - જે ભક્ત પોતાની સેવાથી, પ્રીતથી સર્વ દુઃખહર્તા પ્રભુના પણ બધા દુઃખોને દૂર કરે એનો સર્વત્ર વૈરાગ્ય છે એ નિશ્ચય છે. પ્રભુમાં ગાઢ સ્નેહ હોય અને અન્યત્ર કોઈ પદાર્થમાં પણ આસક્તિ ન હોય તો એ સમયે પ્રભુનું થોડું પણ દુઃખ ભક્તને સહન ન થાય. એટલા માટે તે સેવક પ્રભુના દુઃખ નિવારણનું સર્વત્ર પ્રયત્ન કર્યા કરે છે. એથી એ સમજવાનું કે આવા ભક્તમાં જ વૈરાગ્યનો પરમ ઉત્કર્ષ છે. આ બધી વાતો પ્રભુમાં પ્રગાઢ સ્નેહ થવાથી થાય છે. જેવી રીતે વૃંદાવનમાં ગોચારણ કરાવતી વખતે મેઘે પોતાના શરીરથી પ્રભુનું આતપ દૂર કરી પ્રભુની સેવા કરી. આવી રીતે પ્રભુનું અણુમાત્ર પણ દુઃખ દૂર કરતા રહીને જે ભક્ત પ્રભુની સેવા કરે તે ભક્તિ સર્વથા સેવકને યોગ્ય છે. આ ભક્તિ જ સખ્યને અનુરૂપ છે. આ શ્રીમદ્ ભાગવતમાં દશમ સ્કન્ધમાં કહ્યું છે કે -

'સખ્યુર્વ્યધાત્સ્વવપુષાડમ્બુદ આતપત્રમ્' ।

૨૨. આ પ્રમાણે સર્વત્ર શાસ્ત્રમાં 'લોકવેદથી અગર્હિત પદાર્થ પ્રભુને અર્પણ કરવા એવો ઉપદેશ પ્રાપ્ત થાય છે; તો પણ મન્દમધ્યમાધિકારીયોને કઈ વસ્તુ અગર્હિત છે અને કઈ પ્રિય છે એ ખબર પડવું અશક્ય છે. એ માટે માર્ગપ્રવર્તક મૂલ શ્રીઆચાર્યચરણે પ્રભુપ્રિય અને લોકવેદથી અગર્હિત સેવાની એક રીત બનાવી રાખી છે. એ રીતને અનુસાર પ્રભુની

સેવા કરવી સર્વોત્તમ છે.

લોકોના ઉદ્ધાર માટે ભગવાન સ્વયં આચાર્યસ્વરુપથી અવતાર ધારણ કરે છે. પોતાના ઉપદેશ તથા આચરણો દ્વારા જનતાને સન્માર્ગમાં પ્રવૃત્ત કરી એમને શ્રેયઃ પ્રાપ્તિ કરાવે છે. એટલા માટે શાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે કે સત્પુરુષોની વચન મર્યાદા તથા આચરણ મર્યાદા વેદની માફક પ્રમાણ છે. 'આચાર્ય ચૈત્યવપુષા સ્વગતિં વ્યનક્તિ' સાધૂનાં સમયશ્ચાઽપિ પ્રમાણં વેદવદ્ ભવેત્.'

સત્પુરૂષો બહુ દયાળુ હોય છે. તેઓ પોતે કૃતાર્થ થઈને પોતાના માર્ગ દ્વારા બીજા જીવોને પણ કૃતાર્થ કરે છે. સંસાર દુસ્તર સમુદ્ર છે એને પાર કરવા માટે સન્માર્ગ નૌકા છે. અને સ્વયં આચાર્ય પાર પહોંચાડવાવાળા કેવટ (નાવિક) છે. જ્યારે આપણે પાર થઈ જઈએ છીએ તો દયા કરીને સન્માર્ગ નૌકાને ત્યાં જ છોડી આવે છે. જેના દ્વારા અનંત જીવ આ દુસ્તર સંસારને પાર કરે છે. શ્રીમદ્ ભાગવતના દશમ સ્કન્ધમાં શ્રીદેવકીના ગર્ભની સ્તુતિ કરતી વખતે બ્રહ્માજીએ કહ્યું છે કે -

**સ્વયં સમુત્તીર્ય સુદુસ્તરં દ્યુમન્**
**ભવાર્ણવં ભીમમદભ્રસૌહૃદાઃ ।**
**ભવત્પદામ્ભોરુહનાવમત્ર તે**
**નિધાય યાતાઃ સદનુગ્રહો ભવાન્ ।**

હે સર્વ પ્રકાશક ! ગોવિન્દ ! આ સંસાર સમુદ્ર અતિ કષ્ટથી પણ તરી શકાય એવું નથી એ બહુ ભયંકર છે. પરંતુ તેઓ આચાર્યલોક બહુ દયાળુ છે. જે એનાથી પાર થવા માટે પોતાની ચરણસેવારુપ નૌકાને અહીં જ સ્થાપિત કરી ગયા. જાણવામાં આવે છે આપ આ પ્રમાણે ગરીબો પર સત્પુરુષો દ્વારા જ અનુગ્રહ કરો છો.

આ 'સદનુગ્રહો ભવાન્' સત્પુરુષો દ્વારા પ્રભુ અનુગ્રહ કરે છે આ વાક્યથી સ્પષ્ટ જાણવા મળે છે કે એમના બતાવેલા સન્માર્ગમાં જે ચાલે છે પ્રભુ એમને કૃતાર્થ કરે છે.

૨૩. એટલું પાછું સમજાવવું પડે છે કે સેવામાર્ગમાં મંદિરમાર્જન, વસ્ત્રપ્રક્ષાલન, આદિ સેવા 'પાદસેવનભક્તિ' છે અને પંચામૃતસ્નાન, સંકલ્પ, અધિવાસન આદિ ઉપચાર એ બધા સ્નેહથી જુદા (વિરુદ્ધ નહીં) 'અર્ચનભક્તિરુપ' તથા સ્નેહને અનુકૂલ અનેક જાતના વસ્ત્ર આભૂષણ, ભોગ રાગ, આદિ સેવા 'સખ્ય ભક્તિ' છે. બસ આ ત્રણ પ્રકારની ભક્તિમાં જ ઘણું કરીને બધી સેવારીતિનો સમાવેશ થઈ જાય છે.

અને દેહ, ઈન્દ્રિય, અન્તઃકરણ તથા સ્ત્રી, પુત્ર, ગૃહ, મિત્ર, ધન, આદિને પ્રભુના ઉપયોગમાં લાવીને પ્રભુની સેવાને લાયક બનાવવા અથવા આ બધાનો પ્રભુની સાથે સંબંધ કરાવવો એ આત્મનિવેદન રૂપ નવમી ભક્તિ છે.

૨૪. એકાદશ સ્કન્ધમાં યોગેશ્વર પ્રસંગમાં કહ્યું છે કે

કાયેન વાચા મનસેન્દ્રિયેર્વા
બુદ્ધ્યાઽઽત્મના વાઽનુસૃતસ્વભાવાત્ ।
કરોતિ યદ્યત્સકલં પરસ્મૈ
નારાયણાયેતિ સમર્પયેત્તત્ ॥

શ્રીપ્રભુચરણે આ શ્લોકનો અર્થ કર્યો છે, એને અનુસાર અહીં લખવું ઉચિત છે. જ્યારે આ વાત સિદ્ધ થઈ ચૂકી તો આ સ્પષ્ટ છે કે મલમૂત્રાદ્યુત્સર્ગ પણ પ્રભુના અપરાધના ભયથી બચીને કરવા પરંતુ એનાથી મારું શરીર સુખી રહેશે ઈત્યાદિ પોતાના સુખને માટે ન કરવા. જો રસોઈ વગેરેના બંદોબસ્ત કરતી વખતે તે કાર્યમાં કોઈ સેવક સાથે બોલચાલ કરવી પડે તો તે પણ પ્રભુના ભોગરુપ સેવાને માટે કરવી.

કેમકે વાણી કે વ્યાપાર વિના ભોગ વગેરે સિદ્ધ નથી થઈ શકતા. જે રીતે પ્રભુની સેવામાં કામ આવવાવાળા બીજા પદાર્થોની સાવધાન થઈને રક્ષા કરીએ છીએ. એવી જ રીતે ભગવદ્ભક્તને ઉચિત છે કે કેવળ પ્રભુની સેવા માટે ઉપયોગી છે એમ જ સમજીને જ એમની પણ રક્ષા, પોષણ વગેરે કરવું. પરંતુ આ મારા કામની વ્યક્તિ છે એમ પોતાના સ્નેહથી એમનું પોષણ ન કરવું. જો માતા, પિતા અને માન્ય પુરુષો સેવામાં મદદરૂપ ન થઈ શકતા હોય તો એમની પણ રક્ષા કરવી અને યથાવત્ આજ્ઞા માનવી. નહીં તો આ લોકમાં અકીર્તિ અને પરલોકમાં પાપ થશે, અને એનાથી એવું ન થાય કે પ્રભુની સેવામાં કોઈ પ્રકારે આળસ અથવા ઉદાસીનતા થઈ જાય. બસ આ હેતુથી એમની સેવા કરવી.

એ પ્રમાણે નિદ્રા પણ અર્થાત્ - જો હું નહીં સૂઈશ તો પ્રભુ સેવા કરતી વખતે આળસ આવશે અને અનેક અપરાધ થવાની સંભાવના રહેશે. એમ પૂજામાં પ્રતિબંધ આવે તે દૂર કરવા માટે અથવા પ્રભુ માટે જ શયન આદિ વ્યાપાર કરવા, ન કે પોતાના સ્વાર્થની આકાંક્ષાથી. આ પ્રમાણે સમગ્ર લૌકિક વૈદિક વ્યવહાર આ રીતથી કરવા કે એ બધા પ્રભુમાં જ જઈને પહોંચે. ત્યારે એ બધા લૌકિક અથવા વૈદિક કર્મ પણ ભાગવત ધર્મ કહેવામાં આવે છે.

૨૫. એ માટે ગીતા ઉપનિષદમાં પ્રભુએ આજ્ઞા કરી છે કે

યત્કરોષિ યદશ્નાસિ યજ્જુહોષિ દદાતિ યત્ ।
યત્તપસ્યસિ કૌન્તેય તત્કુરુષ્વ મદર્પણમ્ ॥
(ગીતા. ૯-૨૭)

હે અર્જુન ! જે તૂ કરે છે; જે ભોજન કરે છે, જે હવન કરે છે, તથા જે તપ કરે છે તે બધું મને અર્પણ કર. અહીં 'કરોષિ' અને 'અશ્નાસિ' આ બે ક્રિયાઓથી લૌકિક ક્રિયા માત્ર ગ્રહણ કરી લેવી જોઈએ. તથા 'જુહોષિ' આદિ ક્રિયાઓથી વેદશાસ્ત્રોની વૈદિક ક્રિયાઓ ગ્રહણ કરવી જોઈએ. તો ઉપર કહેલાનો અર્થ એ થયો કે હે કુંતીપુત્ર ! અર્થાત્ હે મારા ભક્તપુત્ર ! આ યુક્તિથી લૌકિક અને વૈદિક ક્રિયાઓ કર, કે જેથી તે બધી ક્રિયાઓ મારામાં આવીને સમર્પિત થાય. બસ સર્વત્ર કર્મ સમર્પણનું આ જ તાત્પર્ય છે. અને વાસ્તવમાં ક્રિયાઓનું સમર્પણ આ પ્રમાણે થઈ શકે છે. અને એને જ 'નિવેદન' કહે છે. જે મહાપુરૂષો પર પ્રભુની કૃપા હોય છે એમને જ આ નિવેદનરુપ ભક્તિ સિદ્ધ થાય છે આ અવશ્ય ધ્યાનમાં રાખવું જોઈએ.

૨૬. અહીં સુધી ગ્રંથથી આ સિદ્ધ થયું કે સમજદાર અને જેમનો પ્રભુએ અંગીકાર કર્યો છે એ વૈષ્ણવોએ આ નવધાભક્તિ અવશ્ય કરવી જોઈએ. શ્રુતિઓ કહી રહી છે કે -

તં ધ્યાયેત્તં ભજેત્ ('યસ્ય દેવે પરાભક્તિઃ'ઈત્યાદ્યાશ્ચ બહુશઃ)
'પરંબ્રહ્મતદ્યો ધ્યાયતિ રસતિ ભજતિ સોઽમૃતો ભવતિ'.

એકાદશ સ્કન્ધ તથા નવમા સ્કન્ધમાં સ્વયં શ્રીકૃષ્ણએ આજ્ઞા કરી છે કે 'ભક્તયાઽહમેકયા ગ્રાહ્ય' 'મુખ્ય, હું ભક્તિથી જ દર્શન આપું છું' તથા 'અહં ભક્તપરાધીન' અહીંથી લઈને 'વશે કુર્વન્તિ માં ભક્ત્યા' અહીં સુધી આ કહ્યું છે કે 'હું ભક્તોને પરવશ છું.' 'ભક્તો મને પોતાના સ્નેહથી વશમાં કરી લે છે', વિશેષ શું કહેવું અહીં સુધી કહેવામાં આવ્યું છે કે 'ભગવાન્ ભજન કરવાવાળાઓને મુક્તિ કદાચ દઈ દે પરંતુ ભક્તિ કોઈ પણ હિસાબે આપતા નથી. આ પ્રમાણે હજારો વચનોથી આ સિદ્ધ થાય છે કે જીવને મોક્ષથી પણ અધિક પુરૂષાર્થ જો હોય તો ભક્તિયોગ જ છે.

**આ પ્રમાણે આ પ્રથમ સેવા પ્રકરણ સમાપ્ત થયું.**

શ્રીકૃષ્ણાય નમઃ

### શ્રીલાલૂભટ્ટોપનામકદીક્ષિતશ્રીબાલકૃષ્ણભટ્ટપ્રણીતા

# સેવાકૌમુદી

### ભાષાંતર સહિતા

## દ્વિતીય પ્રકરણ

૧. પૂર્વ પ્રકરણમાં 'પુષ્ટિભક્તિમાર્ગની સેવા પદ્ધતિ શ્રીમદ્ ભાગવતથી નીકળી છે, શ્રીમદ્ ભાગવત એનું મૂળ પ્રમાણ છે' આ નિરુપણ કરી ચૂક્યા. હવે આ સિદ્ધ કરવું છે કે સેવાનું વિષય કોણ છે ? જે કૃતિ અથવા સ્નેહનું ગોચર હોય એને 'વિષય' કહેવામાં આવે છે. અર્થાત્ જેની સેવા કરવામાં આવે તે સેવાનો વિષય છે. વાસ્તવમાં શ્રુતિ, સ્મૃતિ, સૂત્ર, શ્રીભાગવત આદિ શાસ્ત્રોથી તો આ જ સિદ્ધ થાય છે કે 'સર્વોત્તમ, પ્રાકૃત, ગુણરહિત પરબ્રહ્મ (શ્રીકૃષ્ણ) જ જીવો માટે સેવા કરવા યોગ્ય છે.

૨. અહીં આ પ્રશ્ન ઉઠે છે 'યતો વાચો નિવર્તન્તે' ઈત્યાદિ શ્રુતિઓથી જ્યારે આ જાણવા મળે છે કે 'પરબ્રહ્મમાં મન અને વાણી નથી પહોંચતી' તો પછી એવાની સેવા જ કેવી રીતે કરી શકાય ?

તો એના જવાબમાં એટલું જ કહેવાનું છે કે 'બ્રહ્મના આનંદને જાણવાવાળા જે વિદ્વાનો તેઓ ભયરહિત હોય છે.' આ શ્રુતિમાં બ્રહ્મને જ્ઞાનનો વિષય પણ કહ્યો છે. એટલા માટે બ્રહ્મના વિષયપણાના નિષેધ કરવાવાળી તથા વિષયપણાના વિધાન કરવાવાળી બંને જાતની શ્રુતિઓનો વિરોધ હટાવવા માટે એક વ્યવસ્થા કરવામાં આવી છે. 'બ્રહ્મ જો કે લૌકિક મન અને વાણીનો અવિષય છે તો પણ એની જ કૃપાથી તે વિષય પણ થાય છે. જો એને સર્વથા જ્ઞાનનો અવિષય (સમજમાં ન આવે એવો) માનશું તો બ્રહ્મ 'અનિર્દેશ્ય છે, નિર્વિશેષ છે' ઈત્યાદિ મન્તવ્યો પણ અપ્રમાણિક થઈ જશે. 'બ્રહ્મ અજ્ઞેય છે' ઈત્યાદિ જ્ઞાન પણ વેદથી જ થાય છે એટલે 'બ્રહ્મ કોઈનો વિષય નથી' આ મન્તવ્ય તો ઠીક નથી. દશમ સ્કન્ધમાં 'બ્રહ્મન્બ્રહ્મણ્યનિર્દેશ્યે' આ શ્લોકની શ્રીસુબોધિનીમાં આ વાત સ્પષ્ટ કહી છે.

'યત્ર વેદા અવેદા' 'જે બ્રહ્મનું વર્ણન કરવામાં વેદ પણ અવેદ થઈ જાય છે' આ શ્રુતિ પણ બ્રહ્મના સંપૂર્ણ વર્ણનનો જ નિષેધ કરે છે ન કે વર્ણનમાત્રનો, એ માનવું પડશે. 'સર્વત્ર પ્રસિદ્ધોપદેશાત્' આ સૂત્રમાં ભાષ્યકાર શ્રીમદ્વલ્લભાચાર્યજીએ નિષેધક વાક્યોની આ વ્યવસ્થા કરી છે. વેદમાં 'બ્રહ્મ, અનુમાન આદિ પ્રમાણોથી જાણવામાં નથી આવતું' આમ કહીને આગળ કહ્યું છે કે 'હું કેવળ ઉપનિષદોથી જાણવાલાયક પુરૂષને પૂછું છું'. તો અહીં આ સ્પષ્ટ થઈ ચૂક્યું કે 'બ્રહ્મ અજ્ઞેય પણ છે અને જ્ઞેય પણ છે.'

૩. ભલે, બ્રહ્મ બીજા પ્રમાણોથી સમજવામાં ન આવે પરંતુ વેદે એને જાણ્યું છું એ તો સ્વીકાર કરવું જ પડશે. જો 'વેદે એને સર્વથા નથી જાણ્યું 'એવું માનશો તો 'બ્રહ્મ છે, અને તે અનિર્દેશ્ય છે, નિરાકાર છે, નિધર્મક છે, ઈત્યાદિ પણ છે વેદ કેવી રીતે કહી શકશે ? જે વાત વેદે જાણી જ નથી એને તે કહી રીતે કહી શકશે ?

એક વાત અમે પૂછીએ છીએ કે વેદ બ્રહ્મનું વર્ણન સમજીને કરે

છે કે સમજ્યા વગર ? 'જો જાણીને કરે છે' કહીએ તો બ્રહ્મ વેદજ્ઞાનનો વિષય થયો. અને જો સમજ્યા વગર કરે છે કહીએ તો પછી જેવી રીતે અમારા તમારા જેવા અજ્ઞોના વચન અપ્રમાણ ગણવામાં આવે છે એવી રીતે વેદ પણ અપ્રમાણ ગણવામાં આવશે. અને જો અપ્રમાણ થઈ ચૂક્યું તો એના કહેલા 'અનિર્દેશ્યત્વ આદિ' વચનોનો આદર કોણ કરશે ?

આ રીતે કહેવું પડશે કે 'અસ્થૂલમનણુ' આદિ શ્રુતિઓ પણ બ્રહ્મના લૌકિક ધર્મોનું જ નિષેધ નથી કરતી પરંતુ અપ્રાકૃત ધર્મોનું પણ નિષેધ નથી કરતી કેમકે 'અણોરણીયાન્' ઈત્યાદિ શ્રુતિઓથી આ નિશ્ચય થાય છે કે બ્રહ્મમાં અલૌકિક અણુત્વ આદિ ધર્મ તો છે જ. 'જે સર્વજ્ઞ અને સર્વશક્તિ છે'. 'જેનાથી આ જગત પેદા થાય છે'. 'જે બધાને વશમાં રાખવાવાળા અને બધાના ઈશ્વર છે' શ્રીકૃષ્ણ સર્વપ્રધાન છે, બધાના વશમાં રાખવાવાળા છે, સર્વ વ્યાપ્ત છે અને બધાને સ્તુતિ કરવા લાયક છે, ને બધી બાજું નેત્રો રાખવાવાળાં અને બધી તરફ મુખ રાખવાવાળા છે, તે સર્વકામ અને સર્વગન્ધ છે ઈત્યાદિ અનેક શ્રુતિઓ દ્વારા કહેલા અલૌકિક ધર્મ તો બ્રહ્મમાં સદા બિરાજમાન રહે છે. પ્રાકૃત ધર્મોનો જ વેદમાં નિષેધ આવે છે. 'બ્રહ્મ સર્વથા નિર્ધર્મક જ છે' એ તો કોઈ પ્રકારે સ્વીકાર કરી ન શકાય અન્યથા વ્યાપકત્વ આદિ ધર્મોનો પણ સ્વીકાર કરવામાં મોટી અડચણ આવી પડશે. 'બૃહત્ત્વાદ્બૃહણત્વાચ્ચ બ્રહ્મ' ઈત્યાદિ શ્રુતિ તેને વ્યાપક ધર્મવાળા કહે છે અને તમે એને નિર્ધર્મક માનો છો એ વેદનો પ્રત્યક્ષ વિરોધ મનાશે.

૪. જો કહો કે વ્યાપકત્વ તો બ્રહ્મનું સ્વરુપ જ છે ધર્મ નથી. એનો સ્વીકાર કરવામાં કોઈ હાનિ નથી. તો પણ ઉચિત નથી. કેમકે એમ કરવાથી વ્યાપકત્વ એ ધર્મ જ નષ્ટ થઈ જશે. જો કહો કે જેમ પ્રકાશ, જો કે ધર્મ છે તો પણ તે દીપરૂપ છે. એટલે દીપથી જુદું નથી. તો પછી મહાશય કર્તૃત્વ આદિ ધર્મ માનવામાં એટલો વિરોધ કેમ કરો છો ? એને પણ 'પ્રકાશાશ્રય' ન્યાયથી સ્વરુપભૂત જ માનો.

જો કહો કે કર્તૃત્વ ધર્મ કાર્યની અપેક્ષા રાખે છે, એ માટે અનિત્ય છે. તો પછી અમારે કહેવું પડશે કે વ્યાપકત્વ પણ વ્યાપ્ય પદાર્થોની અપેક્ષા રાખે છે એટલે સમાન છે. એ માટે ધર્મ નિષેધ માત્ર, લૌકિક ધર્મોનો જ છે પરંતુ બ્રહ્મના અપ્રાકૃત ધર્મોની ક્યાંય નિષેધ નથી.

૫. વેદવ્યાસજીએ શ્રીમદ્ ભાગવતના સાતમા સ્કન્ધના પ્રથમ અધ્યાયમાં 'દેહેન્દ્રિયાસુ' ઈત્યાદિ શ્લોકમાં કહ્યું છે કે 'હે બ્રહ્મ વૈકુંઠપુરવાસી જન તો દેહ, ઈન્દ્રિય, પ્રાણ આદિથી રહિત છે તો એમને શાપ હોવો અને હિરણ્યાક્ષ આદિ રુપથી જન્મ લેવો બહુ આશ્ચર્યકારક છે' શ્રીનારદજી દ્વારા યુધિષ્ઠિરના આ પ્રશ્નમાં વૈકુણ્ઠ આદિ દિવ્યલોકમાં દેહ, ઈન્દ્રિય આદિનો નિષેધ કર્યો છે, પરંતુ આ નિષેધ પ્રાકૃત દેહ, ઈન્દ્રિય આદિનો જ છે, અલૌકિક દેહ, ઈન્દ્રિય આદિનો નથી. નહીં તો 'સર્વે ચર્તુબાહ્વ ઉન્મિષન્મણિપ્રવેકનિષ્ઠાભરણાઃ સુવર્ચસઃ' ઈત્યાદિ અનેક વચનો આ કહેવામાં આવ્યું છે કે 'ભગવદ્ધામમાં ભગવત્પાર્ષદોને ચાર ભુજા છે. એમના કંઠ આદિ અંગોમાં હીરા જડેલા સુવર્ણના આભૂષણ છે.'

હવે જો નિષેધોને સામાન્ય નિષેધ જ માની લઈએ તો આ વિરોધ આવશે કે નહીં. એટલા માટે આ સિદ્ધ છે કે નિષેધ, પ્રાકૃતત્વવિશેષને લઈને જ કર્યું છે. એવી રીતે બ્રહ્મના ધર્મોનો પણ પ્રાકૃતોનો જ નિષેધ છે. ધર્મ સામાન્યનો નિષેધ નથી.

૬. 'અનામાડગોત્રમજરમમમરં' ઈત્યાદિ શ્રુતિ વાકયોમાં તથા 'અનામરૂપશ્ચિન્માત્રઃ સોડવ્યાન્નઃ સદસ્તપરઃ' ઈત્યાદિ પુરાણ વાક્યોમાં જે બ્રહ્મને નામ રહિત કહ્યું છે એનો પણ આ અર્થ છે કે આપણી માફક એનું નામ નથી. પ્રાકૃત નામ નથી. પરંતુ સર્વથા

ભગવાનના નામનો નિષેધ નથી. જો બ્રહ્મના સર્વથા નામ જ ન હોત તો પછી બ્રહ્મના ધર્મોનો વિધાન કરવાવાળા તથા નિષેધ કરવાવાળા વેદાંત વાક્યોનો કોઈ અર્થ જ ન થઈ શકત કેમકે જ્યારે બ્રહ્મનું કોઈ નામ જ ન હોય તો 'આત્મા અને બ્રહ્મ' એ પણ એના નામ ન કહેવાત. એવી અવસ્થામાં એવા શબ્દોથી એ વસ્તુનો બોધ પણ કેમ થવા લાગ્યો. એ માટે જ્યાં પણ નામ કે ધર્મોનો નિષેધ છે ત્યાં બધા પ્રાકૃતોને જ છે ન કે અપ્રાકૃત અલૌકિક ધર્મ વગેરેનો.

૭. જે લોકો બ્રહ્મમાં ધર્મોની સત્તા નથી સ્વીકાર કરતા એમના મતમાં દ્વૈત રહેશે. કેમકે 'બ્રહ્મમા સ્થૂલત્વ આદિ ધર્મોનો અભાવ છે.' અહીં એક બ્રહ્મ ને પછી એમાં એક સ્થૂલત્વ આદિનો અભાવ એ બે સત્તા હોવાથી દ્વૈત થશે. જો કહો કે 'અભાવમાત્ર અધિકારાત્મક છે એટલે તે બ્રહ્મરૂપ જ હશે તો દ્વૈત ક્યાં રહ્યું ? એમ કહેવું પણ ઠીક નથી કેમકે બ્રહ્મ શુદ્ધભાવરૂપ પદાર્થ છે. હવે જો એનું હજી અભાવનું ઐક્ય કરશું તો બ્રહ્મને અભાવરૂપ માનવું પડશે. વાસ્તવમાં તો અભાવને અધિકરણરૂપ માનવામાં અનેક આપત્તિઓ આવશે. સાંભળો. જ્યારે અભાવ આધારરૂપ છે તો જ્યાં ઘડો રાખ્યો છે ત્યાં પણ ઘટાત્યન્તાભાવની પ્રતીતિ થવી જોઈએ. અને જેમ 'ભૂતલે ઘટાભાવ' આ પ્રયોગ થાય છે એવી જ રીતે 'ભૂતલે ભૂતલં' 'જમીન પર જમીન' એવો પણ પ્રયોગ થવો જોઈએ. એવી રીતે તાર્કિક નીતિને અનુસાર ધર્મને અધિકરણરૂપ માનવામાં બહુ દોષ આવે છે. એટલે અનેક દોષ આવવાથી અભાવને બ્રહ્મરૂપ તો માની નથી શકતા તો પછી સ્થૂલત્વ આદિ અભાવ અને બીજું બ્રહ્મ, આ બે પ્રતીતિ હોવાથી દ્વૈતથી છૂટકારો ન થયો.

બ્રહ્મને સ્થૂલત્વાદ્યભાવરૂપ માનવામાં એક બીજો તમાશો થાય 'ભૂતલ ઘટો નાસ્તિ' જમીન પર ઘડો નથી. અહીં ઘડાનું ન હોવું જ અભાવ પદાર્થ છે. એવી રીતે પ્રકૃતમાં સ્થૂલત્વ આદિનું ન હોવું સ્થૂલત્વ આદિનું અભાવ કહેવાશે. હવે જો એનું અને બ્રહ્મનું ઐક્ય માનવામાં આવે તો 'ન હોવું જ' બ્રહ્મનું સ્વરૂપ થયું. જે બ્રહ્મ સત્તારૂપ હતું એને હવે અસત્તારૂપ માનવું પડ્યું. અને એ રીતે 'સત્યં જ્ઞાનમનન્તં બ્રહ્મ' ઈત્યાદિ અનેક શ્રુતિઓનો વિરોધ થયો. જો અભાવને, પ્રતિયોગીની અસત્તા (ન હોવું) ન માનો, કોઈ બીજો પદાર્થ જ માનો તો પછી 'અસ્થૂલ મનણુ' આદિ શ્રુતિયોથી બ્રહ્મના ધર્મોનો નિષેધ થઈ નથી શકતો એટલે સધર્મક માનવાવાળાઓનો જ જય થયો. એ માટે અભાવને અધિકરણરૂપ માનવું ઉચિત નથી.

૮. શુદ્ધાદ્વૈત સિદ્ધાંતમાં તો પ્રાકૃતધર્મોના અભાવને મિથ્યા માનવામાં કોઈ પ્રકારની હાનિ નથી થતી. જો કહો કે 'પ્રાકૃત ધર્મોનું હોવું બ્રહ્મમાં સંભવ જ નથી પછી એના નિષેધનો આગ્રહ કેમ કરો છો' ? તો એનો જવાબ એટલો જ છે કે પ્રાકૃત ધર્મ લોકમાં પ્રતીત છે, એથી જ બ્રહ્મમાં પણ એની સંભાવના હોય છે. તો લોક પ્રતીત અને સંભવિત પ્રાકૃત ધર્મોનો જ બ્રહ્મમાં નિષેધ છે, 'અસન્નેવ સ ભવતિ' તે અસત્ છે જે બ્રહ્મને અસત્ સમજે છે, અહીં નિંદાને લીધે લોકપ્રતીત જે બ્રહ્મનું અસત્યપન એનો નિષેધ છે કેમકે વાસ્તવમાં અસત્યત્વ તો બ્રહ્મમાં પ્રાપ્ત જ નથી. અને એથી જ 'આનન્દોઽજરોઽમૃતઃ' 'અનામાઽગોત્રમજરમતીયમમૃત' ઈત્યાદિ અનેક શ્રુતિઓમાં 'અજર' ઈત્યાદિ શબ્દોથી લોકપ્રતીત જશ આદિ ધર્મોનો જ નિષેધ છે, ન કે અલૌકિકોનો. પરંતુ બીજી શ્રુતિઓથી જેનું હોવું કહ્યું છે એનો પણ નિષેધ નથી.

કોઈ પણ શ્રુતિ બ્રહ્મમાં જરા આદિનો વિધાન નથી કરતી, એથી જો, બીજી શ્રુતિઓથી પ્રાપ્ત નથી તથા જે કેવળ લોકમાં જ પ્રતીત છે બસ એ ધર્મોનું 'અસ્થૂલાદિ' શ્રુતિઓ નિષેધ કરે છે કેમકે પ્રતીતનો જ નિષેધ થઈ શકે છે ન કે અપ્રતીતનો.

૯. જો કહો કે 'ધર્મ અને ધર્મનો અભાવ બંને જ મિથ્યા છે, એટલે એમાં દ્વૈતનો ભય નથી'. તો પણ ઠીક નથી. કેમ કે તમારા મતથી હવે બ્રહ્મના ધર્મ કહેવાવાળી તથા બ્રહ્મમાં ધર્મનો અભાવ કહેવાવાળી બંને જાતની શ્રુતિઓ મિથ્યા વાતને કહેવાવાળી થઈ અને એથી બંને સમાન તથા સમાનબળ છે. તો ધર્માભાવપ્રતિપાદક શ્રુતિઓમાં જે ઉપજીવ્યપન હતું તે હવે નથી રહ્યું. અને એના ન રહેવાથી સિદ્ધાંત નષ્ટ થયો. એ માટે માનવું પડશે કે બ્રહ્મમાં ધર્મોના અભાવને કોઈ શ્રુતિ નથી કહેતી અને 'બ્રહ્મમાં કોઈ ધર્મ નથી' એ વાત કોઈ, આસ્તિકને પણ સારી નથી લાગતી. એટલે આ સિદ્ધાંત સારો છે કે 'બ્રહ્મમાં પ્રાકૃત ધર્મ નથી શ્રુતિમાં કહેલા ધર્મ તો બધા છે' અને 'અસ્થૂલમનણુ' આદિ શ્રુતિઓ પણ બ્રહ્મના પ્રાકૃત ધર્મોનો જ નિષેધ કરી રહી છે ન કે અલૌકિક અપ્રાકૃત ધર્મોનો.

અહીં એક આ પ્રશ્ન થઈ શકે છે કે 'તદજેતિ તન્નૈજતિ' ' તે બ્રહ્મ ક્રિયા કરે પણ છે અને નહીં પણ' આ શ્રુતિનો વિચાર કરતી વખતે પ્રભુચરણે વિદ્વમણ્ડનમાં આજ્ઞા કરી છે કે 'કમ્પનક્રિયા અને કમ્પનક્રિયાનો અભાવ આ બંને ભગવાનના બે અલગ અલગ સ્વરુપમાં છે. તો હવે જે રૂપમાં એ જન ક્રિયાનો અભાવ છે એ રૂપને બ્રહ્મત્વ ન રહ્યું. કેમકે જ્યારે શ્રુતિ નિરૂપિત એજન ક્રિયાનો અભાવ ત્યાં છે તો ત્યાં પણ સમસ્ત શ્રુતિ ઉક્તિ ધર્મોનો અભાવ પણ રહ્યો.

ઠીક છે. આ પ્રશ્ન થઈ શકે છે. પરંતુ અહીં કમ્પનક્રિયાના અભાવનો અર્થ છે કમ્પનતિરોભાવ. આ તો પૂર્વસિદ્ધ છે કે જ્યાં તિરોભાવ હોય છે ત્યાં અપ્રકટ વસ્તુની સત્તા પણ હોય છે. તો જ્યાં એજન તિરોભાવ છે ત્યાં એજનક્રિયાની સત્તા પણ છે જ એટલા માટે પૂર્વોક્ત દોષ ન રહ્યો. દ્વિતીય સ્કન્ધની સુબોધિનીમાં કહ્યું છે કે 'આપણા મતમાં તિરોભાવથી પૃથક અભાવ પદાર્થ જ નથી.

૧૦. જો કહો કે એવા સિદ્ધાંતમાં તો એક મોટો દોષ આવશે. સાંભળો

જ્યાં લોકપ્રતીતિ સિદ્ધ, અર્થાત્ લૌકિક ધર્મોનો અભાવ છે તે તમારા સિદ્ધાંતને અનુસાર તિરોભાવ જ છે. તો હવે બ્રહ્મમાં લૌકિક ધર્મોનો અભાવ છે તે પણ તિરોભાવ છે. અને તિરોભાવ છે એ માટે બ્રહ્મમાં લૌકિક (પ્રાકૃત) ધર્મ પણ માનવા પડશે. એટલે અભાવને તિરોભાવ કહેવું ઉચિત નથી.

તો એનો જવાબ એ છે કે પ્રાકૃત ધર્મ સ્વસ્વરૂપથી મિથ્યા છે, એટલે એના અભાવથી મિથ્યા છે. જ્યારે વન્ધ્યાસુત મિથ્યા છે તો વન્ધ્યાસુત અભાવ પણ મિથ્યા કહેવાશે અને એ માટે પ્રાકૃતધર્મ અભાવને તિરોભાવરૂપતા નથી.

તો એ સિદ્ધ થયું કે જ્યાં વેદોક્ત ધર્મોનો અભાવ કહ્યો છે ત્યાં તે અભાવ તિરોભાવ જ સમજવું તિરોભાવ ભગવાનની શક્તિ છે અને શકિત તથા શક્તિમાનને પરસ્પર ઐક્ય હોય છે. એટલે તિરોભાવને લઈને દ્વૈત દોષ પણ ન રહ્યો.

અને જ્યાં પ્રતીતિસિદ્ધ પ્રાકૃત ધર્મોનો અભાવ કહેવામાં આવ્યો છે ત્યાં તે અભાવ પ્રતિયોગી પ્રાકૃતધર્મ અને એનો અભાવ બંને જ મિથ્યા છે. જેમ વન્ધ્યાપુત્ર અને એનો અભાવ. એથી ક્યાંય કોઈ પ્રકારનો દોષ ન રહ્યો. 'અભાવાસ્ત્વસ્મન્મતે તિરોભાવાતિરિક્તા ન ભવન્તિ' આ શ્રીસુબોધિનીની પંક્તિનો પણ આ જ અર્થ છે કે 'સાચા પદાર્થોનો અભાવ જ તિરોભાવથી જુદો નથી' અર્થાત્ સત્ય પદાર્થનો અભાવ જ તિરોભાવરૂપ છે. તો આ સિદ્ધ થયું કે 'શ્રુતિ કથિત અલૌકિક બધા ધર્મો બ્રહ્મમાં છે અને પ્રાકૃત ધર્મો લેશમાત્ર પણ નથી. પ્રાકૃત ધર્મ પ્રકૃતિથી પેદા થયા છે અને તે મિથ્યા છે. એ માટે એવા સ્થૂલત્વ આદિ ધર્મોનો જ બ્રહ્મમાં શ્રુતિએ નિષેધ કર્યો છે.

૧૧. અહીં એટલી આશંકા ઉપસ્થિત થાય છે કે શ્રીભાગવતમાં કહ્યું છે કે 'આ જગતનું ઉપાદાન કારણ પ્રકૃતિ છે અને આધાર અક્ષર બ્રહ્મ છે

અને કારણરૂપથી વિદ્યમાન જગતને પ્રકાશમાં લાવવાવાળો કાળ છે. કિન્તુ પ્રકૃતિ, પુરૂષ અને કાળ આ ત્રણે બ્રહ્મરૂપ મારા જ રૂપાન્તર છે' આ ભગવદ્ આજ્ઞા અનુસાર પ્રકૃતિ બ્રહ્મરૂપ છે અને પ્રકૃતિના બ્રહ્મરૂપ હોવાથી તજ્જન્ય પ્રાકૃતધર્મ પણ બ્રહ્મરૂપ થયા. તો પછી પ્રાકૃત ધર્મોને અસત્ય કેમ કહો છો ?

તો એનો ઉત્તર આ છે 'બ્રહ્મરૂપ ભગવદ્શક્તિ પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા પ્રાકૃત ધર્મ તો અસત્ય જ છે. આ નિયમ નથી કે સત્યથી સત્ય જ થાય. જુઓ, બાજીગર અથવા એની શક્તિ સત્ય પદાર્થ છે. પરંતુ એનાથી આંબા, દાડમ વગેરે અસત્ય પદાર્થ પણ પેદા થાય છે, એટલે કહેવું પડશે કે સત્યથી સત્ય થાય છે અને અસત્ય પણ થાય છે. એથી કોઈ દૂષણ નથી.

જો કહીએ કે પ્રપંચ અને બ્રહ્મનું ઐક્ય છે તો પ્રપંચના સ્થૂલત્વ આદિ ધર્મ બ્રહ્મમાં પણ રહેશે જ, તો પછી, 'બ્રહ્મમાં પ્રાપંચિક ધર્મ નથી' એ સિદ્ધાંત કેવી રીતે નભશે ?

શ્રી વલ્લભ પુસ્તકાલય
કાંદિવલી મુંબઈ
સુખધામ : ૨૮૦૧૨૮૩૦
સુરેન્દ્ર જ શાહ : ૯૮૩૩૨૭૨૩૮૩
ક્રિષ્ણાબેન શાહ : ૭૫૦૬૦૮૭૪૬૨
No. P190

ઠીક છે. 'ઋતેડર્થં યત્પ્રીતેયેત ન પ્રતીયેત ચાત્મનિ' આ દ્વિતીય સ્કન્ધની ચતુઃશ્લોકીનાં શ્લોકમાં આ સિદ્ધ થઈ ચૂક્યું છે કે પ્રપંચ જો બ્રહ્મરૂપ છે તો પણ માયાજન્ય વિષયતા (ભ્રમ) એમાં મળેલી છે એ માટે તે નશ્વર વૃણિત દેખાય છે તો હવે પ્રપંચ અને બ્રહ્મનું ઐક્ય રહેવા છતાં પણ પ્રપંચમાં મળેલી વિષયતાના સ્થૂલત્વ અણુત્વ આદિ ધર્મોનું બ્રહ્મમાં ન હોવું ઠીક જ છે. એનાથી 'પ્રાપંચિક ધર્મરહિત બ્રહ્મ છે એ સિદ્ધાંત નિર્દોષ જ રહ્યો.

જો કહીએ કે 'એક બ્રહ્મ અને બીજા એના ધર્મ' આ દ્વૈત દોષ તો આવશે જ. તો એનો જવાબ પણ એટલો જ છે કે પ્રકાશાશ્રય ન્યાયથી ધર્મોની સાથે ધર્મોનો અભેદ છે. અર્થાત્ જેમ સૂર્યથી સૂર્યનો પ્રકાશ

જુદો નથી એવી રીતે ધર્મી બ્રહ્મથી એના જુદા નથી. ઐક્ય જ છે. એટલે દ્વૈત દોષ ન આવી શકે.

૧૨. તે અલૌકિક સર્વધર્મવિશિષ્ટ પરબ્રહ્મ, શ્રીકૃષ્ણ જ છે. શ્રીગોપાલતાપનીયોપનિષત્માં કહ્યું છે કે 'કૃષનો અર્થ સત્તા છે, અને ણ કાર આનંદવાચી છે. આ બંનેનું ઐક્ય 'કૃષ્ણ' શબ્દમાં છે એથી સદાનંદ પરબ્રહ્મ શ્રીકૃષ્ણ છે. તત્ અહં અને ઓં ઈત્યાદિ શબ્દોથી કહેવાલાયક શ્રીગોપાલ જ છે અને તે જ સત્ય અને અબાધિત પદાર્થ છે. 'જેનું ચરિત્ર સર્વ સુખકર છે તે સચ્ચિદાનંદ શ્રીકૃષ્ણને પ્રણામ. 'શ્રીકૃષ્ણોપનિષત્માં પણ કહ્યું છે કે 'શ્રીકૃષ્ણ જ સનાતન પરબ્રહ્મ છે' અને શ્રીમદ્ ભગવદ્ગીતામાં પણ ભગવદાજ્ઞા છે કે 'હુ ક્ષર અને અક્ષરથી ઉત્તમ છું' એટલે સર્વત્ર 'પુરૂષોત્તમ' આ નામથી પ્રસિદ્ધ છું. એટલે શ્રુતિસ્મૃતિપુરાણ પ્રમાણોથી સિદ્ધ છે કે શ્રીકૃષ્ણ જ પરબ્રહ્મ છે. 'યસ્માત્ક્ષર' ઈત્યાદિ ગીતોપનિષત્ના શ્લોકમાં કેટલાઓ વાદીપુરૂષ 'અક્ષર' શબ્દનો અર્થ પ્રકૃતિ બતાવે છે પરંતુ એમના મતમાં જ્ઞાનથી પ્રકૃતિનો નાશ માને છે. તો એમના જ મતે પ્રકૃતિ ક્ષર કહેવામાં આવે છે. પછી ક્ષર પ્રકૃતિને અક્ષર કહી દેવું કેટલી ભૂલ છે. અમારા મતે તો 'અક્ષરં બ્રહ્મ પરમં' 'અવ્યક્તોડક્ષર ઈત્યુકતસ્તમાહુઃ પરમા ગતિમ્' 'યં પ્રાપ્ય ન નિવર્તન્તે' ઈત્યાદિ અનેક પ્રમાણોથી આ જ સિદ્ધ થાય છે કે 'યસ્માત્ક્ષરમતીતોહ' આ શ્લોકમાં પણ 'અક્ષર' શબ્દથી ધામ બ્રહ્મ લેવું ઠીક છે. એથી ધામરૂપ અક્ષર બ્રહ્મથી પરબ્રહ્મ શ્રીકૃષ્ણનું ઉત્તમ હોવું ઉચિત જ છે.

જો કહીએ કે 'ધામ શબ્દથી સ્વરૂપ જ કેમ નથી લેતા, અક્ષરબ્રહ્મ કેમ લ્યો છો' તો કહેવું પડશે કે શ્રીમદ્ ભાગવત ગીતાનો જ વિસ્તાર છે. શ્રીભાગવતમાં કહ્યું છે કે 'પ્રકૃતિથી પર સત્ય જ્ઞાન અને આનંદાત્મક અને સર્વપ્રકાશક તથા સનાતન, જે અક્ષર બ્રહ્માત્મક વૈકુંઠલોક એને પ્રભુએ ગોપબાળકો ને 'દેખાડ્યું' અહીં અક્ષર બ્રહ્મને જ પોતાનું

ધામ, લોક કહ્યું છે. એથી ગીતાના શ્લોકમાં પણ ધામથી લોકરૂપ અક્ષર બ્રહ્મ જ લેવું ઉચિત છે. એટલે 'ક્ષર અને અક્ષર બંનેથી શ્રેષ્ઠ શ્રીકૃષ્ણ છે' આ વાત માનવી જોઈએ.

'દ્યુભ્વાદ્યાયતનં સ્વશબ્દાત્' આ બ્રહ્મમીમાંસાના અધિકરણમાં આ સિદ્ધ થઈ ચૂક્યું છે કે 'ભગવાન્ સમગ્ર જગતના આધાર છે.' અને 'હું સર્વ જગતનો આધાર છું' આ વાતને સ્વયં શ્રીકૃષ્ણએ માતા શ્રીયશોદાની ગોદમાં બગાસું ખાતી વખતે સ્પષ્ટ કરીને બતાવી છે. અને બીજું પણ, સપ્તમ સ્કંધમાં શ્રીનારદે યુધિષ્ઠિરને કહ્યું કે 'હે રાજન્, તમારા ઘરમાં સાક્ષાત્ પરબ્રહ્મ મનુષ્યરૂપથી છૂપાઈને નિવાસ કરે છે, એ જાણીને બધા પવિત્ર કરવાવાળા મોટા મોટા મહર્ષિ લોક તમારે ત્યાં આવે છે, તમે બહુ ભાગ્યશાળી છો.' એટલે આ બધા પ્રમાણોથી સિદ્ધ થાય છે કે 'શ્રીકૃષ્ણ જ સર્વોત્કૃષ્ટ છે.'

શ્રીકૃષ્ણથી પણ કોઈ ઉપર છે (બીજું છે) આ ભ્રમ ક્યારેય ન રાખવો જોઈએ. કેમકે શ્રીગીતોપનિષત્માં પ્રભુએ સ્વયં આજ્ઞા કરી છે કે 'હે ધનંજય બીજું કોઈ પણ મારાથી શ્રેષ્ઠ નથી.'

૧૩. આ શ્રીકૃષ્ણની સેવા કરવી એ જીવનો ધર્મ છે. વેદમાં કહ્યું છે પરબ્રહ્મ શ્રીકૃષ્ણનું જે ધ્યાન કરે છે, એનું જે નિરંતર સ્મરણ કરે છે, અને જે એમની સેવા કરે છે. તે મોક્ષને પ્રાપ્ત થાય છે. એટલે એને 'ધ્યાયૈ, સ્મરૈ અને ભજૈ.' શ્રીકૃષ્ણ સર્વોત્તમ છે. બધાને પોતાના શાસનમાં રાખવાવાળા છે, સર્વવ્યાપ્ત છે, એથી જ તે બધાના સેવ્ય છે. 'જે કોઈ પીઠસ્થિત આ ભગવાનની સેવા કરે છે એમને જ સનાતન સિદ્ધિ મળે છે, બીજાને નહીં.' અહીં ભજનનો સર્વત્ર સેવા અર્થ છે.

શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે કે મનુષ્યના 'તે જન્મ, તે કર્મ, તે આયુષ્ય, તે મન અને તે વચન સાર્થક છે જેનાથી સર્વાત્મક હરિ ભગવાનની સેવા થાય છે. 'મધુસૂદન પ્રભુની સેવામાં જેનું મન લાગેલું રહે છે એના માટે મોક્ષ પણ તુચ્છ છે' 'મારી સેવાથી પ્રાપ્ત ચાર પ્રકારની મુક્તિને પણ મારી સેવાથી કૃતાર્થ પુરૂષ ઈચ્છતા નથી, કાળથી નષ્ટ થવાવાળા સ્વર્ગાદિ સુખનું તો શું ચાલે ? ઈત્યાદિ અનેક વાક્યોથી આ સિદ્ધ થયું કે કલ્યાણના બધા સાધનોમાં સેવા જ સર્વોત્તમ છે એટલે જીવનું કર્તવ્ય ભગવત્ સેવા જ છે.

૧૪. તે સેવા શ્રીકૃષ્ણની મૂર્તિમાં કરવી, એ ઉચિત છે કેમકે કાલનિર્ણયદીપિકા નામના ધર્મશાસ્ત્રમાં વિષ્ણુધર્મોત્તરનો મત આપીને કહ્યું છે કે 'મૂર્તિમાં પૂજન કરવું ઉત્તમ છે.'

અહીં પ્રશ્ન ઉઠે છે કે શ્રીકપિલદેવજીએ તૃતીય સ્કન્ધમાં કહ્યું છે કે 'જે પુરૂષ સર્વત્ર વિદ્યમાન મને ઈશ્વરને છોડીને પ્રતિમાની પૂજા કરે છે તે ભસ્મમાં હવન કરે છે' એનાથી આ સિદ્ધ છે કે મૂર્તિમાં પૂજા કરવી વ્યર્થ છે.

તો એનો જવાબ આ છે કે આ શ્લોકમાં પ્રતિમા પૂજનની નિન્દા નથી કરી પરંતુ મનુષ્યના અજ્ઞાન અને પરિચ્છેદની નિન્દા છે. અર્થાત્ - 'ભગવાન્ સર્વત્ર વ્યાપ્ત છે' એ વાતને જે નથી જાણતા એટલે 'મારી મૂર્તિ સિવાય અન્યત્ર ઈશ્વર નથી' એમ સમજીને અન્ય મૂર્તિ-પ્રભુર્તિ જગતનું અપમાન કરતો રહે છે તે મનુષ્યનું તે મૂર્તિપૂજન ભસ્મમાં હવનની સમાન વ્યર્થ છે. શ્લોકના 'હિત્વા' અને 'મૌઢયાત્' આ પદ આ અર્થને કહી રહ્યા છે. એટલે અહીં મૂર્તિપૂજાનો નિષેધ નથી પરંતુ અજ્ઞાન અને સંકુચિત દૃષ્ટિ રાખીને સેવા કરવાનો નિષેધ છે. એવી રીતે 'હે નિષ્પાપ મારી માતા ! જે પુરૂષ મને ભગવાનને સર્વત્ર ન સમજીને પ્રાણીઓનું અપમાન કરતો રહે છે તે ભલે અનેક સામગ્રી અને શૃંગાર દ્વારા મારી સેવા કરે તો પણ એની સેવાથી હું પ્રસન્ન નથી થતો.' ઈત્યાદિ અનેક વાકયોમાં પણ પરિચ્છિન્ન દૃષ્ટિ અને ભૂતાપમાનને પોતાની અપ્રસન્નતાનો હેતુ કહ્યો થે ન કે મૂર્તિપૂજાને.

એથી બીજી કોઈ જગ્યાએ જ્યાં-જ્યાં એવા વચન આવે તેની પણ આ વ્યવસ્થા કરવી ઉચિત છે.

'મૌઢચાત્' આ પદથી આ પણ પ્રકાશિત છે કે 'ભાગવત્ શાસ્ત્રોક્ત સ્વતંત્ર ભક્તિમાર્ગ નિન્દિત નથી, પરંતુ મૂર્ખોએ પોતાના અજ્ઞાનથી જે કલ્પિતમાર્ગ બનાવી લીધો છે બસ એની જ સર્વત્ર નિન્દા છે. એથી શ્રીમદ્આચાર્યચરણોએ આ શ્લોકની ટીકા કરતી વખતે આજ્ઞા કરી છે કે 'આ નિષેધ સ્વતંત્ર ભક્તિમાર્ગનો (મૂલમાં ભક્તિમાર્ગ બે પ્રકારનો છે. એક નિર્ગુણ અને બીજો સગુણ. સગુણ ત્રણ પ્રકારનો છે. સાત્ત્વિક, રાજસ, તામસ. નિર્ગુણ ભક્તિમાર્ગમાં સ્નેહાનુકૂલ બધા ઉપચાર કરવામાં આગળ હોય એને અહીં સ્વતંત્ર ભક્તિમાર્ગના નામથી કહેલું છે.) નથી. કેમકે આગળ એકાદશ સ્કંધમાં 'મન્નિકેતં તુ નિર્ગુણમ્' ઈત્યાદિ વચનો દ્વારા આ માર્ગની ઉત્તમતા અને બડાઈ પોતે કહેશે. 'જે વાક્ય પ્રકરણથી સંબદ્ધ હોય છે તે તે પ્રકરણના ગુણદોષ કહી શકે છે. બીજાના નહીં.' એટલે શ્રીકપિલ ભગવાને, 'ભેદદષ્ટિ રાખીને જે મારી સેવા કરે છે તે એની ભક્તિ રાજસ છે.' એમ કહીને પરિચ્છિન્ન દષ્ટિવાળા સેવકને રાજસ કહ્યો છે. એ માટે સગુણભક્તિમાં પૃથક્ભાવ હોય છે. અને નિન્દાના વાક્ય એવી ભક્તિ માટે જ છે પરંતુ જે લોકો 'સર્વરૂપ ભગવાન છે, સર્વ પદાર્થમાં ભગવાન્ બિરાજમાન છે' એ ભાવથી નિર્ગુણ ભક્તિરુપ સેવા કરે છે એને કોઈ પ્રકારનું દૂષણ નથી. જો મૂર્તિપૂજાની નિન્દા કરવાનો જ પ્રભુનું તાત્પર્ય હોત તો એકાદશ સ્કંધમાં શ્રીઉદ્ધવની આગળ આટલા વિસ્તારથી મૂર્તિમાં સેવા કરવાનો ઉપદેશ કેમ કરત ? અને મૂર્તિપૂજાનું વિધાન કરવાવાળા શ્રુતિ સ્મૃતિ તથા પુરાણોનાં વાક્ય બધા વ્યર્થ થઈ જશે.

૧૫. એને અનુસાર આર્ચાયામેવ હરયે પૂજાં યઃ શ્રદ્ધયેહતે. ન તદ્ભક્તેષુ ચાન્યેષુ સ ભક્તઃ પ્રાકૃતઃ સ્મૃતઃ' ઈત્યાદિ વચનોની સંગતિ સમજી લેવી ઉચિત છે. અર્થાત્ - જે પુરૂષ હરિપ્રાપ્તિ માટે કેવળ પ્રતિમામાં જ શ્રદ્ધાથી પૂજા કરે છે. પરંતુ અજ્ઞાનતાના કારણે ભગવદ્ભક્તોમાં અને ગાય, બ્રાહ્મણ આદિ પદાર્થોમાં ભગવાનની પૂજા (અર્થાત્ - એ એ પદાર્થોની યોગ્યતા અનુસાર સત્કાર) નથી કરતા તે મૂર્ખ ભક્ત છે. સત્સંગ આદિથી આગળ જઈને પ્રભુના શરણમાં રહી શકે છે. તો અહીં પણ પ્રતિમાપૂજનની નિન્દામાં તાત્પર્ય નહીં પરંતુ અજ્ઞાન, પરિચ્છિન્ન દષ્ટિ, અને ઈર્ષ્યા-દ્વેષની જ નિન્દા છે. એનાથી એ સિદ્ધ થયું કે જે પુરૂષ, ભગવાન્ સર્વત્ર છે તે નથી જાણતો એથી પ્રતિમાથી જુદા પદાર્થોનું અપમાન કરતો રહે છે ત્યાં તેની ભક્તિ નિન્દાને પાત્ર છે. પરંતુ જે સર્વત્ર પ્રભુ છે એ જાણીને બધા પદાર્થોનું યથાયોગ્ય સત્કાર (પૂજા) કરતો રહીને ભગવન્મૂર્તિની સેવા કરે તે ઉત્તમ ભક્ત છે અને એની રીતે સેવા કરવી ઉચિત અને નિર્દોષ છે.

હવે અહીં એક પ્રશ્ન થાય છે કે જ્યારે સર્વત્ર ભગવાન્ બિરાજે છે તો પછી મૂર્તિમાં જ એમની પૂજા, સેવા કેમ ? ઘટ પટ આદિ બધા જગત્ ના પદાર્થોની સેવા કેમ નથી કરતા ?

એનો જવાબ એ છે કે મૂર્તિમાં જ પૂજ્યરૂપથી મૂળ પરમાત્માનો પ્રાદુર્ભાવ છે. બીજા સ્થળોમાં પ્રભુનો એ રૂપથી તિરોભાવ છે. અનેક જાતના વ્યવહાર ચલાવવા માટે ભગવાન અનેકરૂપથી પ્રગટ થયા છે. જો કે ભગવાન સર્વશક્તિ છે અને સર્વમય છે તો પણ જે કાર્ય માટે જે શક્તિને લઈને જે રૂપથી પ્રકટ થાય છે તે સમયે તે પદાર્થથી તે કાર્યની સિદ્ધિ થાય છે. જલાનયન કાર્ય માટે તે શક્તિને લઈને પ્રભુ ઘટરૂપથી પ્રગટ થયા છે એટલે ઘટથી જલ લાવવું જ થઈ શકે છે. જો કે ઘટ પ્રભુરૂપ હોવાથી સર્વમય છે તો પણ તેનાથી બીજા કાર્યો નથી થઈ શકતા. કેમકે ઘટમાં જલાહરણ શક્તિ સિવાય બાકીની બધી શક્તિઓનો વ્યવહાર ચલાવવા માટે તિરોભાવ કરી રાખ્યો છે. આ વાત 'તદ્ધેહં તર્હ્યવ્યાકૃતમાસીત્તન્નામરૂપાભ્યાં વ્યાક્રિયત્' 'સ સર્વં ભવતિ' 'પુરૂષ એવેદં સર્વમ્' 'નામરૂપે વ્યાકરવાણિ' ઈત્યાદિ શ્રુતિયોથી સિદ્ધ થાય છે.

એવી રીતે મૂર્તિમાં ઉદ્ધાર કાર્ય માટે ઉદ્ધાર શક્તિનું ગ્રહણ કરી ભગવાન્ મૂર્તિરૂપથી પ્રકટ થયા છે. એટલે મૂર્તિ સિવાય અન્યત્ર પૂજન ઉચિત નથી. કેમકે ત્યાં પણ સેવા માટે મૂળ ભગવાનનો પ્રાદુર્ભાવ છે જો એમ ન હોત તો શાસ્ત્રોમાં ભાગવત્ આદિ શાસ્ત્રોમાં મૂર્તિ પૂજાની માફક ઘટપૂજા પણ કહી હોત.

એવી રીતે

'યસ્યાઽઽત્મબુદ્ધિઃ કુણપે ત્રિધાતુકે
સ્વધીઃ કલત્રાદિષુ ભૌમ ઈજ્યધીઃ ।
યત્તીર્થબુદ્ધિઃ સલિલે ન કર્હિચિ-
જ્જનેષ્વભિજ્ઞેષુ સ એવ ગોખરઃ' ॥

'કફવાતપિત્તમય આ દેહમાં જેની 'મેં' આ બુદ્ધિ છે, સ્ત્રીપુત્ર આદિમાં 'મારા' આ બુદ્ધિ છે મૂર્તિમાં પણ પૂજ્યબુદ્ધિ છે, અને જેની પાણીમાં તીર્થબુદ્ધિ છે, પરંતુ 'ભગવદ્ ભક્તોમાં પૂજ્ય તથા તીર્થબુદ્ધિ નથી તે પુરૂષ જ પશુ છે'. અહીં પણ મૂર્તિમાં પૂજાની જે નિન્દા છે તે પણ જ્ઞાની વિદ્વાનોમાં તિરસ્કારબુદ્ધિ રાખવાવાળા એવા અજ્ઞાની અને સંકુચિત દષ્ટિવાળા ભક્તની જ છે, ન કે સર્વત્ર ભગવદ્‌બુદ્ધિ રાખવાવાળા ભક્તની. જો વાસ્તવમાં ભક્તની જ નિન્દા હોત તો પછી આ શ્લોકમાં જલમાં તીર્થબુદ્ધિની પણ નિન્દા કરી છે એટલે ગંગા આદિ તીર્થોમાં તીર્થબુદ્ધિ કરવાનો નિષેધ પ્રાપ્ત થશે. જો એવું થાય તો શ્રીગંગામાં તીર્થબુદ્ધિવિધાયક પુરાણ અને તંત્રોના સહસ્રો વાક્ય વ્યર્થ અને જૂઠા થઈ જશે. એટલે માનવું પડશે કે 'અજ્ઞાની સંકુચિત દષ્ટિ રાખવાવાળા પરદ્વેષી સગુણ ભક્તોની જ તે નિન્દા છે ન કે નિર્ગુણ ભક્તોની કે મૂર્તિપૂજાની. 'મૂર્તિની સેવા, પૂજા તો શાસ્ત્રીય અને જીવનું અવશ્ય કર્તવ્ય છે.'

૧૬. એટલા માટે જ પોતાની સંકુચિત દષ્ટિથી મૂર્તિમાં જ ભગવાન્ છે, બીજી જગ્યાએ નથી' એવી બુદ્ધિ રાખે છે બસ તે નિન્દનીય છે. એવી રીતે જે પુરૂષ એવું સમજે છે કે આ સેવા પૂજા બધા પત્થરની છે કાં તો પત્થરની મૂર્તિની છે, ન કે ભગવાનની તે પણ નિંદનીય અને પાતકી છે. ગોપાલતાપનીય ઉપનિષત્‌માં કહ્યું છે કે જે પુરૂષ મૂર્તિપૂજામાં શિલાપૂજન અને ગુરૂમાં મનુષ્ય બુદ્ધિ તથા વૈષ્ણવમાં જાતિબુદ્ધિ રાખે છે તે નરકગામી થાય છે એ રીતે નિંદા થવાથી મૂર્તિમાં અન્યથા બુદ્ધિ કરવી ઉચિત નથી. 'અન્યત્ર શાસ્ત્રમાં પણ કહ્યું છે કે 'હે નારદ! જ્યાં સચ્ચિદાનંદ વિષ્ણુ સ્થિત હોય ત્યાં (મૂર્તિમાં) શિલાબુદ્ધિ ન કરવી જોઈએ.'

અમારા પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતમાં તો ભગવાન સર્વત્ર વ્યાપક છે. એથી સર્વત્ર બિરાજમાન છે. અને તે સર્વરૂપ છે. એટલે પોતાના સેવકના ઉદ્ધાર માટે મૂર્તિરૂપથી પ્રગટ થયા છે. આ પાકો સિદ્ધાંત છે એટલે આ માર્ગમાં તો મૂર્તિ સાક્ષાત્ ભગવાન છે. કેમકે 'પુરૂષ એવેદં સર્વં' આદિ શ્રુતિ, પદાર્થમાત્રને બ્રહ્મરૂપ કહી રહી છે. એટલે નિબંધના સર્વનિર્ણય પ્રકરણમાં 'આવિર્ભાવતિરોભાવૌ શક્તિ વૈ મુરવૈરિણઃ' એમ કહીને આગળ આચાર્યચરણોએ આજ્ઞા કરી છે કે ' તે તે કાર્ય કરવા માટે તે તે રૂપથી ભગવાનનો જ પ્રાદુર્ભાવ છે.'

એનાથી એ સિદ્ધ થયું કે જલ વગેરે લાવવા માટે ઘટરૂપથી ભગવાનનો જ આવિર્ભાવ છે અને આચ્છાદન આદિ કાર્યોના ઉદ્દેશથી પટરૂપથી ભગવાન જ પ્રગટ થયા છે. એવી રીતે જ્યારે તે તે કાર્ય માટે ભગવાને જ અનેક રૂપ ધારણ કર્યા છે તો ભક્તોનો ઉદ્ધાર કરવા માટે મૂર્તિરૂપથી ભગવાન જ પ્રગટ થયા છે એ જાણવું જોઈએ.

૧૭. ભગવાનનું તે તે રૂપથી પ્રગટ થવામાં તેમની ઈચ્છા જ કારણ છે. એટલે જાણવામાં આવે છે કે 'આ ઘટરૂપથી જલાહરણ આદિ કાર્ય

કરીશ' એમ વિચાર કરીને જ પ્રભુએ ઘટાદિરૂપોનું ગ્રહણ કર્યું છે. તે તે પદાર્થોથી તે તે નિયમિત કાર્ય જ થાય છે, એથી આ નિયમિત કાર્યોથી જ ભગવદ્દઈચ્છાનું અનુમાન થાય છે. પુરાણોમાં ભગવન્મૂર્તિથી અનેક ભક્તોનો ઉદ્ધાર થયેલો સાંભળ્યું છે, એથી કહેવું પડશે કે મૂર્તિ દ્વારા જ ઉદ્ધાર કરવાની પ્રભુની ઈચ્છા છે.

એટલે આ સિદ્ધ થયું કે જ્યાં ઉદ્ધાર કાર્ય માટે પ્રાદુર્ભાવ છે ત્યાં જસેવા પૂજા કરવી ઉચિત છે. અને જ્યાં ઉદ્ધાર કાર્ય માટે પ્રાદુર્ભાવ નથી ત્યાં પૂજા પણ નહીં. અને એટલા માટે ઘટ પટ આદિ પદાર્થોને મૂર્તિ સમાન કાં તો મૂર્તિના અન્ય પદાર્થોની સમાન સમજવું સર્વથા અનુચિત છે.

નિબન્ધના સર્વનિર્ણય પ્રકરણમાં શ્રીમદ્‌વલ્લભાચાર્યચરણ 'મૂર્તિ કૃત્વા હરેઃ ક્વચિત્' ઈત્યાદિ શ્લોકનું વ્યાખ્યાન કરતી વખતે આજ્ઞા કરી છે કે મૂર્તિ, ત્રણ પ્રકારથી ભગવાન છે. ' જ્ઞાનમાર્ગમાં પદાર્થ માત્ર બ્રહ્મરૂપ છે એટલે મૂર્તિ પણ ભગવદ્રૂપ છે. અહીં આ પ્રશ્ન થઈ શકે છે કે તો પછી મૂર્તિમાં જ શું વિશેષ છે ? એનો જવાબ એ છે કે જેમ સર્વત્ર વ્યાપક હોવા છતાં પણ પ્રહ્‌લાદની રક્ષા કરવા માટે સ્તંભમાંથી પ્રગટ થયા, એવી રીતે 'આ ભક્તનો ઉદ્ધાર કરીશ' એમ વિચાર કરીને જ પ્રભુ મૂર્તિરૂપથી પ્રગટ થયા છે. આ મૂર્તિમાં વિશેષ છે.

ભક્તિમાર્ગને અનુસાર આ છે કે સ્નેહાનુકૂલ અનેક ઉપચાર ગ્રહણ કરવા માટે જ પ્રભુ મૂર્તિમાં અભેદથી સદા બિરાજે છે. જો કે અહીં પણ આ પ્રશ્ન થઈ શકે છે કે 'આરમ્ભદશામાં સાક્ષાત્કાર ન હોવાથી ભેદબુદ્ધિ રહેશે તો આ મૂર્તિ સાક્ષાત્ ભગવત્સ્વરૂપ છે એવી બુદ્ધિ કેમ થશે ? તો એનો જવાબ એટલો જ છે કે - વેદાન્તસૂત્રોના વૈશ્વાનરાધિકરણમાં અને શ્રીમદ્ ભાગવતના દામોદરલીલા, શ્રીયશોદા તથા અર્જુનને ભગવાનનાં સાકાર વ્યાપક સ્વરૂપનો પ્રત્યક્ષ અનુભવ

થયો છે. (એટલે ભગવત્સ્વરૂપ સાકાર વ્યાપક જ છે આ નિર્ભ્રમ છે) પ્રકરણમાં આ સિદ્ધ થઈ ચુક્યૂં છે કે 'ભગવાન સાકાર જ વ્યાપક છે.' અને અંતર્યામી બ્રાહ્મણમાં પણ અન્તઃસ્થ પુરૂષને જ સર્વકર્તા કહ્યું છે. એટલે આરંભમાં પણ કોઈ પણ પ્રકારની આશંકા નથી થઈ શકતી. અને સ્નેહાનુકૂલ નિરંતર મૂર્તિની પરિચર્યા માત્રથી નિરાવરણ દર્શન થશે તો ભેદબુદ્ધિ નહીં રાખી આ રીતે આરંભ અને અંતમાં ભેદબુદ્ધિ છે જ નહીં.

ઉપાસનામાર્ગમાં પણ મૂર્તિને ભગવદ્રૂપ કહેવાવાળા તથા મૂર્તિની પૂજા કહેવાવાળા અનેક વેદમંત્ર અને એકાદશ સ્કંધાદિ પ્રમાણનું વિદ્યમાન હોવાથી 'મૂર્તિ ભગવદ્રૂપ છે એ ઉચિત જ છે.' વિધિમંત્રાદિને પરવશ પૂજામાર્ગને જ ઉપાસના માર્ગ કહે છે.

ઘટાદિ એક એક પદાર્થથી જલ લાવવું વગેરે એક એક જ કાર્ય થાય છે એટલે એ એ કાર્ય માત્ર કરવાથી ભગવદ્ ઈચ્છાનું અનુમાન થાય છે. પુરાણાદિમાં મૂર્તિ દ્વારા અનેક સેવકોનો ઉદ્ધાર થયો છે એટલે ઉદ્ધાર કાર્ય માટે મૂર્તિરૂપથી પ્રગટ થવાથી ભગવદ્દઈચ્છા છે એ સિદ્ધ થાય છે. બ્રહ્મવાદના વિચારમાં જો કે સર્વત્ર સમાનતા છે તો પણ મૂર્તિમાં એટલું વિશેષ છે. એવી રીતે શ્રીરામાનુજ મતમાં ભગવન્મૂર્તિને 'અર્ચાવતાર' કહે છે.

૧૮. હવે એક પ્રશ્ન ઉપસ્થિત થયો કે શાલિગ્રામની મૂર્તિ સાક્ષાત્ ભગવાન છે એ બધા શાસ્ત્રોથી સિદ્ધ છે તો પછી એના પૂજનથી જ મૂર્તિ પૂજાનું કામ થઈ શકે છે. અલગ મૂર્તિની સેવા પૂજા કરવાનું શું પ્રયોજન ?

ઠીક છે. શાલિગ્રામશિલા સાક્ષાત્ પરબ્રહ્મ છે. એમાં કોઈને સંદેહ નથી. પરંતુ ત્યાં સ્નેહાનુકૂલ મન ફાવે તેવા અનેક ઉપચારો જોઈએ તેવા થઈ શકતા નથી. નવવિધ ભક્તિનું નિરુપણ કરતી વખતે શ્રીનારદે

કહ્યું કે 'આ નવવિધભક્તિ મનુષ્ય માત્રનો ઉત્કૃષ્ટ ધર્મ, શાસ્ત્રોમાં કહ્યું છે.' અને એ જ ભક્તિમાં ભગવદ્ વાક્યથી આ પણ સિદ્ધ થઈ ચૂક્યું છે કે 'જે પદાર્થ લોક અને શાસ્ત્રમાં અનિન્દિત હોય અને જે આપણા મનને પ્રિય લાગતા હોય તે વસ્ત્ર, આભૂષણ, ભોગ વગેરે મને અર્પણ કર'.વગેરે વચનોથી નવવિધભક્તિ, તથા તે તે પદાર્થોનું પ્રભુને નિવેદન કરવું. આ મનુષ્ય માત્રનું અવશ્ય કર્તવ્ય છે. આ વસ્તુ શાલિગ્રામ શિલામાં બની નથી શકતી કેમ કે વસ્ત્ર, આભૂષણ ધરાવવામાં ત્યાં સુવિધા નથી એ માટે પ્રભુની મૂર્તિની સેવા કરવી ઉચિત છે.

મૂર્તિમાં વસ્ત્ર, અલંકાર વગેરે બધા ઉપચારો કરવાની અતિ સુવિધા રહેલી છે અને એ રીતે અતિ સૌંદર્ય હોવાથી મન પણ જલદી પરોવાય છે. એટલે મૂર્તિની સેવા, પૂજા અને શાલિગ્રામની પૂજા બંને જ કર્તવ્ય છે.

તો આ ગ્રંથથી આ સિદ્ધ થયું કે લોકપ્રતીત પ્રાકૃત ધર્મોથી રહિત શાસ્ત્રોક્ત બધા ધર્મોથી યુક્ત, જેવા કે નિર્ગુણ, સર્વ દેવોમાં શ્રેષ્ઠ તથા પુરૂષોત્તમ કહેવા યોગ્ય શ્રીકૃષ્ણ પરબ્રહ્મ જ પુષ્ટિમાર્ગમાં સેવ્યસ્વરૂપ છે. સેવકોદ્ધાર કાર્ય માટે તે મૂર્તિ રૂપથી પ્રગટ થયા છે તેથી પૂર્વ પ્રકરણમાં કહેલી રીતથી તેમની સેવા કરવી એ જીવ ઉચિત ધર્મ છે, પ્રભુ સેવાથી જીવને કૃતાર્થતા પ્રાપ્ત થશે.

આ પ્રમાણે આ ભાષાનુવાદ સમાપ્ત થયો.

જે ધાવહિં જદિ ખલહિં મગ તેહિ સુજાવ સિખ દેત
હૌં માનુસ મો ભૂલ હિત દયહુ જનાઉ સચેત ॥
જીહિં ઉદયે ઉદયૌ જગત ધન હિય તિમિર નસાય.
સો વલ્લભ પદ લાલ બિધુ મો હિય બસહુ સમાય ॥

**શ્રીકૃષ્ણાર્પણમસ્તુ.**